RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 109, Dt.17-07-2024 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ૧૫ ઓગષ્ટે ડોનાલ્ડ ટ્રમ્પ જેવો હુમલો દિલ્હીમાં પણ થઈ શકે છે



## દિલ્હી પોલીસ કમિશનરે ઉચ્ચસ્તરીય બેઠક યોજી એલર્ટના આદેશ જારી કર્યાઃ સ્વતંત્રતા પર્વ પર આતંકવાદીઓ અથવા ખાલીસ્તાનીઓ હુમલો કરે તેવી આશંકાઃ ટાર્ગેટ કીલીંગની પણ બાતમી હોવાથી સાવધાની રાખવામાં આવી રહી છે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અમેરિકામાં રાષ્ટ્રપતિપદના ઉમેદવાર અને પુર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પર થયેલા હુમલા જેવો બનાવ ૧૫ ઓગષ્ટે ભારતીય પાટનગર દિલ્હીમાં પણ બની શકે તેમ હોવાની આશંકા દર્શાવીને દિલ્હી પોલીસ કમિશ્નરે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી અને એલર્ટના આદેશ જારી કર્યા હતા.

અમેરિકામાં ટ્રમ્પ પરના હુમલા બાદ ભારતીય સુરક્ષા તંત્ર પણ સાવધ બન્યુ છે. આગામી ૧૫ ઓગષ્ટે આતંકવાદીઓ અથવા ખાલીસ્તાનીઓ હુમલો કરે તેવી આશંકા વચ્ચે દિલ્હી પોલીસ કમિશ્નર દ્વારા ઉચ્ચસ્તરીય બેઠક યોજવામાં આવી હતી.

તેઓએ કહ્યું કે, ૧૫ ઓગષ્ટે ડોનાલ્ડ ટ્રમ્પ જેવો હુમલો દિલ્હીમાં પણ થઈ શકે છે એટલે એલર્ટ રહેવું પડશે. ૧૫ ઓગષ્ટે ટાર્ગેટ કીલીંગની પણ બાતમી હોવાથી સાવધાની રાખવામાં આવી રહી છે.

દિલ્હી પોલીસના સૂત્રોએ જણાવ્યું કે, ૧૫ ઓગષ્ટની તૈયારી એક મહિના પુર્વે જ શરુ થઈ જતી હોય છે અને તેના અનુસંધાને બેઠક રાખવામાં આવી હતી. અમેરિકામાં પુર્વ પ્રમુખ પરના હુમલાનું ઉદાહરણ આપીને બેઠકમાં એમ કહેવાયુ હતું કે તેના જેવો હુમલો દિલ્હીમાં ન થાય તેની કાળજી રાખવી પડશે.તમામ પોલીસ અધિકારીઓને સક્રીય રહેવા અને ગત વર્ષની જેમ લોખંડી બંદોબસ્ત રાખવાની સૂચના આપવામાં આવી હતી. જો કે હજુ સુધી ત્રાસવાદી હુમલાના ષડયંત્ર વિશે કોઈ બાતમી મળી નથી પરંતુ ટાર્ગેટ કીલીંગની આશંકાને ધ્યાને રાખીને કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવાની તૈયારી શરુ કરવામાં આવી છે.

# નેતાઓ ધર્મના નામે રાજકારણ ન કરેઃ શંકરાચાર્ય

**મુખ્ય સમાચાર, મુંબઈ**

જ્યોતિષપીઠના શંકરાચાર્ય અવિમુક્તેશ્વારનંદ સરસ્તવતીએ શિવસેનાના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે પર આપેલા નિવેદનને લઈને વિવાદ ઊભો થઈ ગયો છે. શંકરાચાર્યના નિવેદનને રાજકીય ગણાવતા અયોગ્ય ગણાવવામાં આવી રહ્યું છે.

દિલ્હી સંત મહામંડલેશ્વરના અધ્યક્ષ અને શ્રીદૂધેશ્વરનાથ મઠ મંદિરના શ્રીમહંત નારાયણ ગિરિએ તેની નિંદા કરી છે. તેમણે કહ્યું કે, હિન્દુ ધર્મ પરંપરામાં શંકરાચાર્યનું શીર્ષ આસન છે. તેમનું કામ પૂજા પાઠ કરવાનું છે અને આવા પૂજ્યપાદ કોઈના



ઘરે જઈને રાજકીય નિવેદન આપે તે અયોગ્ય છે. શિવસેનાના નેતા સંજય નિરુપમે પણ કંઈક આવી જ વાત કરી છે.

શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદે હવે પોતે જ આ નિંદાનો જવાબ આપ્યો છે.

સોશિયલ મીડિયામાં આવેલા વીડિયો ક્લિપમાં અવિમુક્તેશ્વારનંદ કહે છે કે, અમે સંન્યાસી છીએ. અમારે રાજકારણ પર નિવેદન ન આપવું જોઈએ. આ સંપૂર્ણ રીતે સાચું છે. તેમણે કહ્યું, અમે આ સિદ્ધાંતને માનીએ છીએ, પરંતુ રાજનીતિ કરનારાઓએ પણ ધર્મના મામલે હસ્તક્ષેપ ન કરવો જોઈએ.

વડાપ્રધાન મોદી જો મંદિરમાં જઈને ધર્મ સ્થાપના કરે છે તો તમે લોકો તેને લાઈવ દેખાડો છો. જો શંકરાચાર્ય રાજનીતિ અંગે કંઈક બોલે તો તેને ખોટી વાત ગણાવવામાં આવે છે. તેમણે કહ્યું કે, રાજનીતિના લોકો ધર્મમાં હસ્તક્ષેપ બંધ કરે. અમે ગેરંટી આપીએ છીએ કે પોલિટિક્સ પર બોલવાનું બંધ કરી દેશું. પરંતુ તમે ધર્મમાં સતત હસ્તક્ષેપ કરતા જાવ છો તો શું અમે ધર્મ અંગે બોલીએ.

શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદે કહ્યું, જે રાજકારણી છે, શું તેમને પોતાના ધર્મનું પાલન ન કરવું જોઈએ? શું એક શંકરાચાર્ય તરીકે અમારે કોઈને સાચો હિન્દુત્વવાળો ન જણાવવો જોઈએ? શું વિશ્વાસઘાત જેવું જે પાપ છે તેને લઈને અમારે જનતાને સચેત ન કરવા જોઈએ? જુઓ, જો તમે ધાર્મિક છો તો તમારે કોઈની સાથે વિશ્વાસઘાત ન કરવો જોઈએ.

તેમણે કહ્યું કે, અમે કોઈ રાજકારણની વાત નથી કરી. અમે તો ધર્મની વાત કરી છે. માત્ર અમે હિન્દુ છીએ, કહેવાથી કંઈ નથી થતું. જ્યારે આપણે ધર્મનો મર્મ જાણીશું અને તેને અપનાવીશું ત્યારે હિન્દુ થઈશું. શંકરાચાર્યએ કહ્યું, ધાર્મિકતા પોતાના સાચા સ્વરુપમાં લોકોના જીવનમાં પ્રતિષ્ઠિત થાય, તેની વ્યાખ્યા સમયાંતરે થવી જોઈએ. જો શંકરાચાર્ય એવું નહીં કરે તો માની લો કે તેઓ પોતાનું કાર્ય નથી કરતા. તેથી જ્યાં જેવી તક હોય છે ત્યાં અમે ધર્મની વ્યાખ્યા કરીએ છીએ. અમારે રાજકારણ સાથે કોઈ લેવાદેવા નથી.

# નિતિ આયોગની નવી ટીમની રચનાઃ એનડીએના સાથી પક્ષોને સ્થાન મળ્યું

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્ર સરકારે નીતિ આયોગની નવી ટીમની રચના કરી છે. આ ટીમના અધ્યક્ષ વડાપ્રધાન નરેન્દ્ર મોદી હશે. ઉપપ્રમુખ સુમન બેરીને બનાવવામાં આવ્યા છે. નીતિ આયોગની નવી ટીમમાં ચાર પૂર્ણ-સમયના સભ્યો છે. વીકે સારસ્વત, પ્રોફેસર રમેશ ચંદ, ડોક્ટર વીકે પોલ અને અરવિંદ વિરમાણીને પૂર્ણ સમયના સભ્ય બનાવવામાં આવ્યા છે.

કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, ગૃહ પ્રધાન અમિત શાહ, કૃષિ પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણ અને નાણાં પ્રધાન નિર્મલા સીતારમણને નીતિ આયોગની ટીમમાં હોદ્દેદારો તરીકે સ્થાન મળ્યું છે.

કેન્દ્રીય માર્ગ પરિવહન પ્રધાન નીતિન ગડકરી, આરોગ્ય પ્રધાન જેપી નડ્ડા, ભારે



ઉદ્યોગ પ્રધાન એચડી કુમારસ્વામી અને ખજખઉપ્રધાન જીતન રામ માંઝીને વિશેષ આમંત્રિત તરીકે સ્થાન આપવામાં આવ્યું છે.

પંચાયતી રાજ મંત્રીઓ રાજીવ રંજન સિંહ અને લલન સિંહ, સામાજિક ન્યાય મંત્રી વીરેન્દ્ર કુમાર, ઉડ્ડયન મંત્રી કે રામમોહન નાયડુ, આદિજાતિ બાબતોના મંત્રી જુઅલ ઓરામ, મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવી, ફૂડ પ્રોસેસિંગ મંત્રી ચિરાગ પાસવાન અને સ્વતંત્ર પ્રભાર ધરાવતા રાજ્ય મંત્રી રાવ ઈન્દ્રજીત સિંઘની પણ ખાસ આમંત્રિત તરીકે પસંદગી કરવામાં આવી છે.

ભારતીય જનતા પાર્ટીની આગેવાની હેઠળના ગઉઅ ગઠબંધનના સાથી પક્ષોના નેતાઓને પણ નીતિ આયોગની નવી ટીમમાં સ્થાન મળ્યું છે. જનતા દળ સેક્યુલરના એચડી કુમારસ્વામી, જનતા દળ સેક્યુલરના રાજીવ રંજન સિંહ, તેલુગુ દેશમ પાર્ટીના રામમોહન નાયડુ અને લોક જનશક્તિ પાર્ટી રામવિલાસના ચિરાગ પાસવાનને પણ આ ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે. જો કે, આ તમામ સભ્યોને નીતિ આયોગની ટીમમાં વિશેષ આમંત્રિત તરીકે સામેલ

# GST રજિસ્ટ્રેશન લેનારના ચહેરાની ઈમેજ બાયોમેટ્રિક્સમાં લેવામાં આવશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સનું રજિસ્ટ્રેશન લેનારાઓએ હવે બાયોમેટ્રિક્સ ઓળખમાં ચહેરો પણ દર્શાવવો પડશે. અત્યાર સુધી ફિન્ગર પ્રિન્ટ અને આંખની કીકીની ઈમેજ લેવામાં આવતી હતી. હવે અરજી કરનારનો ચહેરો લેવામાં આવશે અને અરજી કરનારે પોતે જીએસટી કચેરીમાં હાજર પણ થવું પડશે. બોગસ બિલિંગના કેસો રોકવા માટે ગુજરાતમાં આ પાયલોટ પ્રોજેક્ટ ચાલુ કરવામાં આવ્યો હોવાનું ગુજરાતના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ આજે રાજ્યકરવેરા ભવન ખાતે એક પત્રકાર પરિષદને સંબોધન કરતાં જણાવ્યું હતું.

કનુભાઈ દેસાઈ જણાવ્યું હતું કે જીએસટી રજિસ્ટ્રેશન લેનારાઓની ઓળખને વધુ સચોટ બનાવવા માટે આધારકાર્ડ આધારિત ચહેરોની ઓળખ પણ લેવામાં આવશે. આ પ્રક્રિયાને કારણે જીએસટી રજિસ્ટ્રેશનની પ્રક્રિયા ઝડપી બનશે. નવા રજિસ્ટ્રેશન મેળવવામાં ઓછો સમય લાગશે. બોગસ બિલિંગ કરનારાઓ આર્થિક રીતે નબળા લોકો પાસે બે ચાર હજાર આપીને તેમના પાનકાર્ડ અને અન્ય પુરાવાઓ મેળવી લઈને તેમના જ નામે જીએસટી રજિસ્ટ્રેશન મેળવી



લેતા હતા.

હવે જીએસટી રજિસ્ટ્રેશન લેવા માટે અરજી કરનારને રૂબરૂ ઉપસ્થિત રહેવું પડશે. પરિણામે તેમના નામે જીએસટી રજિસ્ટ્રેશન લેવામાં આવ્યું હોવાની હકીકતથી તેઓ અજાણ હોવાની દલીલ હવે કરી શકશે નહિ. બીજાના નામે રજિસ્ટ્રેશન લીધા પછી બેફામ બોગસ બિલિંગ કરીને ઇનપુટ ટેક્સ ક્રેડિટ મેળવી લેવામાં આવી રહી છે.

જીએસટી રજિસ્ટ્રેશન લેવા ઇચ્છનારાઓએ સેવા કેન્દ્ર પર હાજર થવું જ પડશે. જીએસટી સેવા કેન્દ્ર પર તેમના આધારકાર્ડની ખરાઈ કરવામાં આવશે. તેમ જ અન્ય પુરાવાઓની પણ ખરાઈ કરવામાં આવશે. ત્યારબાદ તેમને જીએસટીનો નોંધણી નંબર આપવો કે નહિ તે અંગે નિર્ણય લવામાં આવશે. જીએસટી સેવા કેન્દ્ર આવ્યા પછી ચકાસણી ચુસ્ત કરવાની સિસ્ટમને કારણે નવેમ્બર ૨૦૨૩થી જુલાઈ ૨૦૨૪ના ગાળામાં જીએસટી રજિસ્ટ્રેશનની અરજીની સંખ્યામાં ૨૪.૩૦ ટકાનો ઘટાડો થયો છે.

જોકે જુલાઈ ૨૦૧૭માં જીએસટીનો અમલ થયો ત્યારે રજિસ્ટ્રેશન ધરાવનારાઓની સંખ્યા ૫,૦૮,૮૬૩ની હતી. તે પહેલી જુલાઈ ૨૦૨૪ના વધીને ૧૧,૯૭,૪૭૬ થઈ ગઈ છે. આ ગાળામાં ગુજરાતની જીએસટીની આવક રૂ. ૩૨,૦૩૦ કરોડથી વધીને ૬૪,૫૭૬ કરોડ થઈ ગઈ છે.

મોબાઈલના વેપારીઓ પરના દરોડા બાદ ડિમાન્ડ નોટિસ કાઢ્યા પછી વેપારીઓએ જમા કરવા પાત્ર ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ જમા કરાવી દીધા પછી પણ તેમના બેન્ક એકાઉન્ટ ખોલી આપવામાં ગલ્લા તલ્લા કરવામાં આવી રહ્યા હોવાની ફરિયાદ અંગે નાણાં મંત્રી કનુભાઈ દેસાઈને પૂછવામાં આવ્યું હતું, તેમના વતીથી અધિકારીઓએ આ મુદ્દે ફોડ પાડીને વાત કરી નહોતી.

ઓક્ટોબર ૨૦૨૩થી વેપારીઓના ખાતા એટેચ થઈ ગયા હોવાથી તેમને વેપાર કરવામાં તકલીફ પડી રહી છે ત્યારે તેમના એકાઉન્ટ પરના એટેચમેન્ટ વહેલામાં વહેલા હટી જવા જોઈએ. જીએસટી કચેરી દ્વારા એટેચમેન્ટ હટાવવામાં પખવાડિયાથી વધુ સમયનો વિલંબ કરવામાં આવી રહ્યો હોવાથી વેપારીઓની હાલાકી વધી રહી છે. તેમના કરોડો રૂપિયા બ્લોક થઈ ગયા છે.

# બજેટની તૈયારીઓ પૂર્ણ થતા નાણાં મંત્રાલયમાં હલવા સેરેમની યોજાઈઃ બજેટ રજૂ કરી નિર્મલા સિતારામન રેકોર્ડ તોડશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

૨૩ જુલાઈએ કેન્દ્રીય બજેટ ૨૦૨૪-૨૫ રજૂ કરવામાં આવશે. તેની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. બજેટ સંબંધિત દસ્તાવેજોની પ્રિન્ટિંગની શરૂઆત સાથે, આજે સાંજે (૧૬ જુલાઈ) પરંપરાગત હલવા સેરેમની યોજાઈ હતી. આ ઘટના દિલ્હીના નોર્થ બ્લોક સ્થિત કેન્દ્રીય નાણા મંત્રાલયમાં બની હતી.

આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ડ પર શેર કરવામાં આવ્યો છે. જેમાં નાણામંત્રી નિર્મલા સીતારમણે મંત્રાલયના અધિકારીઓને હલવો પીરસ્યો હતો. આ પ્રસંગે કેન્દ્રીય નાણા રાજ્ય મંત્રી ડો. ભગવત કિશનરાવ કરાડ, પંકજ ચૌધરી અને નાણા મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નાણામંત્રી નિર્મલા સીતારમણ સતત



સાતમી વખત બજેટ રજૂ કરશે. આવું કરનાર તે દેશના પ્રથમ નાણામંત્રી બનશે. આ પહેલા મોરારજી દેસાઈએ સતત ૬ બજેટ રજૂ કર્યા હતા. આ બજેટ નવી સરકારનું પ્રથમ પૂર્ણ બજેટ હશે. સરકારે ફેબ્રુઆરીમાં વચગાળાનું બજેટ રજૂ કર્યું હતું. બજેટ સત્ર ૨૨ જુલાઈથી ૧૨ ઓગસ્ટ સુધી ચાલશે.

બજેટ ફાઈનલ થતા પહેલા નાણા મંત્રાલયમાં હલવો બનાવવામાં આવે છે. આ પરંપરા લાંબા સમયથી ચાલી રહી છે. મીઠાઈથી શુભ કાર્યની શરૂઆત કરવી એ હલવા સમારોહની ઉજવણીનું મુખ્ય કારણ છે. આ પરંપરા ૨૦૨૧ અને ૨૦૨૨માં COVID-19 મહામારીને કારણે ઉજવવામાં આવી ન હતી. તેના બદલે, મુખ્ય કર્મચારીઓને કોવિડ પ્રોટોકોલને અનુસરીને મીઠાઈ આપવામાં આવી હતી.

હલવા સેરેમની પછી, બજેટ છાપવાની પ્રક્રિયા શરૂ થાય છે. તેની રજૂઆત સુધી, પ્રિન્ટિંગ સાથે સંકળાયેલા તમામ અધિકારીઓ અને સહાયક સ્ટાફ મંત્રાલયમાં બંધ રહે છે. આ સમયગાળા દરમિયાન, અધિકારીઓને તેમના ફોનનો ઉપયોગ કરવાની મંજૂરી નથી. બજેટ રજૂ ન થાય ત્યાં સુધી તેઓ તેમના પરિવારને પણ મળી શકતા નથી. તેનો હેતુ બજેટને ગોપનીય રાખવાનો છે. ૧૯૫૦માં બજેટની કોપી લીક થયા બાદ કર્મચારીઓને નજરકેદ (ઓફિસમાં રહીને) રાખવાની પરંપરા શરૂ થઈ હતી.

# રાજકોટમાં મેઘરાજાની તોફાની બેટીંગઃ બે કલાકમાં અઢી ઈંચ વરસાદ ખાબકયો

## મહાનગરપાલિકા તંત્રની બેદરકારીને કારણે ફકત અઢી ઈંચ વરસાદમાં સમગ્ર શહેર પાણી પાણી







(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર એક મહિનાથી વરસાદની હેલી માટે તરસી રહ્યું છે. બે દિવસ ભારે ઉકળાટ રહ્યા બાદ મંગળવારે સાંજે છ વાગ્યે મેઘમહેર શરૂ થઈ હતી. માત્ર બે જ કલાકમાં શહેરમાં અઢી ઈંચ જેટલો વરસાદ પડી ગયો હતો. શહેરીજનો વરસાદમાં નહાવા માટે નીકળ્યા હતા. હેતથી ભીંજાયા હતા અને આકરા બફારામાં શીતળતા માણી હતી.

બીજી તરફ શહેરમાં ચારેકોર પાણી ભરાયા હતા. કોઠારિયા રોડથી માંડી નવા રાજકોટ, ૧૫૦ ફૂટ રિંગ રોડ સહિતના મુખ્ય માર્ગો પર ગોઠણ ગોઠણ પાણી ભરાયા હતા. આ કારણે ટ્રાફિકજામનાં દશ્યો સર્જાયા હતા. મવડી વિસ્તારમાં રોડ પર નદીઓ વહેવા લાગી હતી. ઘણા સ્થળોએ વૃક્ષો પણ ધરાશાયી થયા હતા. જોકે મનપાના ચોપડે એકપણ વૃક્ષ ધરાશાયી નથી થયું તેમજ પાણી ભરાયાની મોટી ફરિયાદ આવી નથી.

બીઆરટીએસ રૂટ પર પાણી ભરાતા બસ સેવા પ્રભાવિત થઈ હતી. નાનામવા સર્કલે ઈલેક્ટ્રિક સિટી બસ બંધ પડી ગઈ હતી. ઈ-બસમાં પહેલાથી જ એવા સેટિંગ્સ કરેલા હોય છે કે પેસેન્જર ચડે તે પહેલાં પગથિયાં સુધી પાણી ભરાય એટલે બેટરી તેમજ અન્ય ઈલેક્ટ્રિક ઉપકરણો ખરાબ ન થાય તેમજ શોર્ટ સર્કિટ ન થાય એટલે બસની સિસ્ટમ ઓટો શટડાઉન થાય છે. જોકે આ રીતે એક પછી એક ૩ બસ બંધ પડતા તેની પાછળની બસ પણ અટવાઈ હતી.

# ભાયાવદરના પડવલા ગામે ધર્મ સ્થાનમાં વિધર્મી બાળકો દ્વારા તોડફોડ

**મુખ્ય સમાચાર, વિજય રાડીયા**

ઉપલેટા તાલુકાના ભાયાવદર ગામે આવેલી હિન્દુ ધર્મસ્થાનમાં વિધર્મી બાળકો એ તોડફોડ કરતાં રોશની લાગણી પ્રસરી હતી જોકે બાળકોએ રમત રમતમાં મૂર્તિ તોડિયા નો ખુલતા હિન્દુ આગેવાનોએ માફ કરીને કોમી એકતા દર્શાવ્યો હતી ભાયાવદર નજીક આવેલા પડવલા ગામને તળાવની પાળ પાસે ખોડીયાર માતાજીનું મંદિર પાસે આવેલું છે જેની નજીક શીતળા માતાજીની ડેરી છે આ ડેરીની અંદર શીતળા માતાજીની મૂર્તિ ને કોઈ તીખણખોરો દ્વારા તોડી પાડવામાં જાણ આવી હતી આ વાતને ખબર જ્યાં હિન્દુ મુસ્લિમ સમુદાયના લોકો સાથે હળી મળીને રહે છે તે પડવલા ગામે થતા આગેવાનોને ભેગા થઈ ગયા હતા અને કોણે આ મૂર્તિ તોડી તે તેની





તપાસ કરતાં વિધર્મી સમુદાયના ૧૦ થી ૧૨ વર્ષના ત્રણ નાના બાળકોએ રમતા રમતા આજ જગ્યા પર આવીને આ મૂર્તિ ખંડિત કરી ખુલ્યુંહતુંજેની બંને સમુદાયના આગેવાનો અને પોલીસની દરમિયાનગીરીથી ધીના ઠામમાં ધી ભડીગયુ હતું હવે ક્યારે પણ આવું નહીં બને તેની ખાતરી આપી દેતા હિન્દુ સંગઠનો એ પણ નાના બાળકો હોવાથી ભૂલ માફીને પાત્ર સમજીને મોટું મન રાખીને તે બાળકોને સમજાવીને હસતા મોઢે જવા દીધા હતા

# મોરબી ગટરના વહેતા ગંદા પાણીના નિકાલ માટે નગરપાલિકા ચીફ ઓફિસરને પત્ર લખી રજૂઆત કરતા શહેર કોંગ્રેસ પ્રમુખ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ પુષ્પરાજસિંહ જાડેજા દ્વારા નગરપાલિકા કચેરીના ચીફ ઓફિસરને પત્ર લખી ગટરના ઢાંકણા માંથી સતત વહેતા ગંદા પાણીના પ્રવાહને બંધ કરી ભૂગર્ભ ગટરના પ્રશ્નનું નિરાકરણ લાવવા માટે રજૂઆત કરવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર, મોરબી શહેરના આલાપ રોડ ઉપર શિવ શક્તિ પાર્કના ગેઈટની સામે ગટરના ઢાંકરામાંથી સતત ગંદા પાણીનો પ્રવાહ વહેતો રહે છે. જેને ૬ (છ) માસથી પણ વધુ સમય થયો છે. સોસાયટીના રહીશોએ તા. ૧૯/૦૧/૨૦૨૪ ના રોજ રજૂઆત કરી



હતી. ત્યાર બાદ પણ આ અંગે અવાર નવાર લેખીત રજુઆત કરાઇ છે. તેમ છતાં અત્યાર સુધી કોઈ પણ પ્રકારની કાર્યવાહી નહી થતાં કોંગ્રેસ સમીતીના પ્રમુખે નગરપાલિકાના ચીફ ઓફિસરને પત્ર લખી પ્રશ્નનું નિરાકરણ લાવવા રજૂઆત કરી છે. જે ગટરના ઢાંકણામાંથી સતત વહેતા ગંદા પાણીના પ્રવાહને કારણે આજુબાજુની સોસાયટીમાં અતિ દુર્ગંધ ફેલાય રહી છે. આ ગંદા પાણીના પ્રવાહને કારણે આજુબાજુના વિસ્તારમાં સતત પાણીનો ભરાવો રહે છે. જેના કારણે મચ્છરોનો પણ ઉપદ્રવ વધ્યો છે. આ વિસ્તારમાં ભયંકર રોગચાળો ફેલાઈ નિકળવાની દહેશત છે. તેમજ આ ગટરનું પાણી રસ્તામાં ભરાવાના કારણે રસ્તામાં ખાડા પડી ગયેલ છે. આ રસ્તામાં ખાડા પડી જવાના કારણે બાઈક ચાલકોને અકસ્માત થવાની દહેશત છે. જો આવો કોઈ અકસ્માત બનશે અને કોઈ જાનહાની થશે તો તેના માટે જવાબદાર કોણ ? જેથી તમામ બાબતોને ધ્યાનમાં રાખીને તાકીદે નિરાકરણ લાવી ગંદા પાણીના પ્રવાહને બંધ કરવા યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી કરાઈ છે. તેમજ જો આગામી સાત દિવસમાં સમસ્યાનું નિરાકરણ નહીં થાય તો સોસાયટીના રહીશો સાથે કલેક્ટર કચેરીનો ઘેરાવ કરી ઉંચ આંદોલન કરવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

# હળવદના નવા ધનાળા ગામે ખેતરના શેઢે હળનું લીટુ નાખવાનો ખાર રાખી કુટુંબી ભાઈને ધોકા વડે માર માર્યો

**મુખ્ય સમાચાર, હળવદ**


મળતી માહિતી અનુસાર હળવદ તાલુકાના નવા ધનાળા ઘનશ્યામનગર ગામે રહેતા ઘનશ્યામભાઇ મનજીભાઇ કણઝરીયા ઉવ-૩૭ એ આરોપી પોતાના કુટુંબી ભાઈ ઈશ્વરભાઇ ડાયાભાઇ કણઝરીયા રહે.-નવા ધનાળાગામ ઘનશ્યામનગર વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે ઘનશ્યામભાઇએ પોતાની માલીકીની નવા ધનાળા ગામની સીમમાં સીયારકી વાળી જમીનમાં તેમના અને તેમના કુટુંબી ભાઈના ખેતરમાં વરસાદી પાણી ભરાઈ ન જાય એટલા માટે ખેતરના શેઢે હળનું લીટું નાખેલ હોય જે ઘનશ્યામભાઈના કુટુંબી ભાઈ આરોપી ઈશ્વરભાઈને સારું નહીં લાગતા જેથી તે બાબતનો ખાર રાખી આરોપીએ ઘનશ્યામભાઈને જેમ-ફાવે તેમ ગાળો આપી લાકડાના ધોકા વડે હાથે તથા પગના સાથળના ભાગે ઘા મારી મુંઢ ઇજા પહોંચાડીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારે સમગ્ર બનાવની ફરિયાદના આધારે હળવદ પોલીસે આરોપી સામે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# કામધંધો કરવા માટે પિતાએ આપેલા ઠપકાથી માઠું લાગતા પુત્રનો ગળાફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ધ્રોલના લતીપરમાં રહેતા એક યુવાનને તેના પિતાએ કામ ધંધો કરવા માટે ઠપકો આપ્યા પછી ઓગણચાલીસ વર્ષના પુત્રએ માઠું લાગી આવતા ગળાફાંસો ખાઈ જિંદગીનો અંત આણ્યો છે.

ધ્રોલ તાલુકાના લતીપર ગામમાં વસવાટ કરતા સંધી આમદભાઈ સીદીકભાઈ ઠેબા નામના વૃદ્ધના પુત્ર ઉકલો ઉર્ફે અબ્બાસભાઈ ઠેબા (ઉ.૩૯)એ પોતાના ઘરમાં એક ઓરડામાં રહેલા લોખંડના એંગલમાં ચૂંદડી વડે ગળાટૂંપો ખાઈ લીધો



હતો.આ બાબતની જાણ થતાં પિતા સહિતના પરિવારે અબ્બાસભાઈને નીચે ઉતારી સારવાર માટે ધ્રોલ દવાખાને ખસેડ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે ચકાસ્યા પછી અબ્બાસભાઈને મૃત્યુ પામેલા જાહેર કર્યા હતા. બનાવની પોલીસને જાણ કરવામાં આવી છે. દોડી આવેલા જમાદાર કે.ડી. કામરીયાએ પિતા આમદભાઈનું નિવેદન નોંધ્યું છે.

પિતાએ પોલીસ સમક્ષ આપેલી કેફિયતમાં ખૂલ્યા મુજબ તેમનો પુત્ર હાલમાં ૩૯ વર્ષનો હોવા છતાં કોઈ કામ ધંધો કરતો ન હતો. તેને પિતા આમદભાઈએ ઠપકો આપતા પુત્રને માઠું લાગી આવ્યું હતું અને તેણે આત્મઘાતી પગલું ભરી લીધુ છે. આ બનાવ અંગે પોલીસે નિવેદન નોંધી તપાસ આદરી છે.

# ધ્રોલ તાલુકાના લતીપર ગામે ઓર્ગેનીક કિચન ગાર્ડન ટ્રેનિંગ કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ગુજકોસ્ટ, ગાંધીનગર પ્રેરિત અને એમ.ડી.મહેતા એજ્યુકેશન ટ્રસ્ટ, ધ્રોલ સંચાલિત એમ.ડી.મહેતા જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર , ધ્રોલ દ્વારા ઓર્ગેનીક કિચન ગાર્ડન ટ્રેનિંગ કાર્યક્રમ યોજાયો હતો. પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન મળે, ગામડાની ગૃહિણીઓ પોતાના શાકભાજી પોતાના જ ફળીયા કે અગાસી પર પ્રાકૃતિક પધ્ધતિથી ઉગાડતા થાય, શાકભાજીના ઉછેર દ્વારા બજારમાં પોતે શાકભાજી વેચીને આત્મનિર્ભર બને, દેશી ખાતર બનાવતા અને તેનો મહત્તમ ઉપયોગ કરતા થાય તે ઉદેશથી સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.લતીપર ગામની ૫૦ જેટલી બહેનોને લોકવિજ્ઞાન કેન્દ્ર ધ્રોલના ડો. સંજય પંડયા દ્વારા શાકભાજીને ઘર આંગણે ઉગાડવાની બોટલ પ્લાન્ટની રીત, નકામા ટાયરમાં પ્લાન્ટની રીત, એક જ બોટલમાંથી ત્રણથી



વધુ છોડને ઓછા પાણીથી ઉગાડવાની રીત, બોટલ ડ્રિપ ઈરીગેશન રીત, દેશી કોકપીટ ખાતર બનાવવાની રીતનું પ્રાયોગિક નિદર્શન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના બીજા સેશનમાં દરેક બહેનોને પોતાના ઘરે કિચન ગાર્ડન તૈયાર કરે તે હેતુથી સ્થાનિક મળતા શાકભાજીના નાના રોપા અને બીજનું નિ:શુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું.કાર્યક્રમના અંતે ઉપસ્થિત સર્વે દ્વારા એક પેડ માં કે નામ અભિયાનને અનુલક્ષીને વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા આ ચોમાસાની ઋતુમાં સમગ્ર જામનગર જિલ્લા માટે આ અભિયાન નિ:શુલ્ક કાર્યરત કરવામાં આવ્યું છે. આ અભિયાનમાં ભાગ લેવા માટે ગામના સરપંચ, મહિલા મંડળ કે કોઈપણ નાગરિક સંસ્થાનો સંપર્ક સાધી શકશે. તેમ સંસ્થાના ચેરમેન ધર્મેશભાઈ મહેતા અને સેક્રેટરી સુધાબેન ખંઢેરીયાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# હળવદ ખાતે વિશ્વ સર્પ દિવસ નિમિતે પાટિયા ગ્રુપ દ્વારા સ્નેક રેસ્ક્યુચર એમ.ડી મહેતા અને રાજુભાઈ ધામેચાનું સન્માન કરાયું

## છેલ્લા ૧૫ વર્ષ માં ૮૦૦૦ થી વધુ સર્પના જીવ બચાવવામાં નિમિત્ત બનતા જીવદયાપ્રેમી - ઘાયલ સર્પને પશુ ડોકટર પાસે લઈ જઈ સારવાર પણ કરાવે છે

**મુખ્ય સમાચાર, રમેશ ઠાકોર**

**હળવદઃ** વિશ્વ સર્પ દિવસ નિમિતે હળવદ ના પાટિયા ગ્રુપ દ્વારા જીવદયા પ્રેમી અને સ્નેક રેસ્ક્યુયર શ્રી એમ.ડી મહેતા અને શ્રી રાજુભાઈ ધામેચા નું સાલ ઓઢાળી અને સન્માન કરવામાં આવ્યું હતું અત્રે ઉલ્લેખનીય છે કે હળવદ ના વિવિધ રહેણાક વિસ્તાર માંથી નિ:શુલ્ક સાપ નું રેસ્ક્યુ કરી અને પ્રાકૃતિક ખુલ્લી જગ્યા એ મુક્ત કરવામાં આવે છે આ રીતે આ બંને જીવદયા પ્રેમીઓ હળવદ ની જનતા ની અને હળવદ વિસ્તાર માં





રહેતા સર્પો ની નિસ્વાર્થ સેવા કરે છે માટે આજરોજ પાટિયા ગ્રુપ ના સભ્યો દ્વારા આ વિશેષ સેવા બદલ બને સેવાભાવી વ્યક્તિ નુંશાલ ઓઢાડી ને સન્માન કરેલ હતુ અત્રે ઉલ્લેખનીય છે કે ૨૦૧૯ ની સાલ માં પણ વન વિભાગ દ્વારા શ્રી એમ.ડી.મહેતા અને શ્રી રાજુભાઇ ધામેચા નું બજાણા ખાતે વન વિભાગ ના અધિકારી દ્વારા પણ સિલ્ડ આપી અને સન્માન કરવામાં આવ્યું હતું જો આવા સેવાભાવી લોકો સર્પ નું રેસ્ક્યુ નો કરે તો લોકો ભયભીત થઈને તેને મારવા માટે મજબૂર થતા હોય છે અને હળવદ માં આ બંને સેવાભાવી વ્યક્તિ તદન નિ:શુલ્ક રીતે આ સેવાકાર્ય કરી રહ્યા છે અને ઘાયલ સર્પ ને પશુ ડોકટર પાસે લઈ જઈને સારવાર પણ કરાવે છે જ્યારે રહેણાક વિસ્તાર માં સર્પ દર્શન દયે ત્યારે આસપાસ ના વિસ્તાર ના લોકો બીક ના લીધે તે વિસ્તાર થી દુર થઈ જતાં હોઈ છે ત્યારે આવા સમયે આ સેવાભાવી લોકો ને ફક્ત એક ફોન કરતાં તેમના વાહન માં આવી અને સ્નેક નું રેસ્ક્યુયર કરી સલામત સ્થળે છોડી માનવતા ની મહેક પ્રસરાવતા આ બંને જીવદયા પ્રેમીઓ નું આજરોજ પાટિયા ગ્રુપ દ્વારા સાલ ઓઢાળી સન્માન થતા હળવદ વાસિયો પણ બને સેવાભાવી ની સેવા ને બિરદાવે છે કે જેઓ તડકો છાયો કે વરસાદ ની પરવા કર્યા વિના સતત સેવાકાર્ય કરી રહ્યા છે ત્યારે આગામી સમય માં આ બંને સેવાભાવી વ્યક્તિ પાસે થી અન્ય યુવાનો પ્રેરણા લઈ અને ભવિષ્ય માં પ્રકૃતિ ના રક્ષણ માટે કટિબદ્ધ બને તે આજ ના સમય ની માંગ છે

# નવયુગ કોમર્સ સ્કૂલના ૧૨ વિદ્યાર્થીઓએ CA ફાઇનલ, ઇન્ટરમીડીએટ અને ફાઉન્ડેશનની પરીક્ષામાં પણ અદ્ભૂત સિદ્ધિ મેળવી



**મુખ્ય સમાચાર, મોરબી**

દરેક પરીક્ષામાં નવયુગના વિદ્યાર્થીઓ હરહંમેશા મેદાન મારતા હોઈ છે તેમાં તાજેતરમાં જાહેર થયેલ CA ના રિજલ્ટમાં પણ નવયુગના વિદ્યાર્થીઓએ સફળતા પ્રાપ્ત કરી છે. આપણા દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું છે કે CA SIGNATURE IS MORE POWERFUL THAN PM આવી ઉચ્ચ કારકિર્દીમાં પણ નવયુગ કોમર્સ સ્કૂલના ઘણા બધા વિદ્યાર્થીઓ દર વર્ષે ઉત્તીર્ણ થતા હોય છે.

નવયુગ કોમર્સ સ્કૂલમાં શરૂઆત થી જ ઈઅ અને તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવે છે. આ સફળતા પ્રાપ્ત કરવા બદલ પ્રમુખ પી. ડી. કાંજીયા તેમજ નવયુગ પરિવાર ખુબ ખુબ અભિનંદન પાઠવે છે

# મોરબીમાં ચાલકે સ્ટેરિંગ ઉપર કાબુ ગુમાવતા રેતી ભરેલ ડમ્પર પેટ્રોલપંપની દીવાલ તોડી

## પેટ્રોલપંપના રૂમ, એર-કંપ્રેસર તથા સીસીટીવી પોલને નુકસાન થતા ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં કંડલા બાયપાસ રોડ ઉપર ધરમપુર ગામની સીમમાં આવેલ બીપીસીએલ કંપનીનો હિના પેટ્રોલપંપમાં બેકાબુ રેતી ભરેલ ડમ્પર દીવાલ તોડી અથડાઈ પલ્ટી મારી ગયું હતું. જેમાં પુરપાટ ગતિએ ચલાવી આવતા ડમ્પરના ચાલકે સ્ટેરિંગ ઉપર કાબુ ગુમાવતા ડમ્પર પેટ્રોલપંપની દીવાલ તોડી અંદરની બે રૂમ ઉપર પલ્ટી મારી ગયું હતું જેમાં પેટ્રોલપંપમાં રાખેલ એર-કમ્પ્રેસરને પણ નુકસાન થયું હતું. બનાવ બાદ ડમ્પર ચાલક પોતાનું વાહન રેઢું મૂકી પલાયન થઈ ગયો હતો. સદનસીબે અકસ્માતની દુર્ઘટનામાં કોઈ જાનહાની થઈ ન હતી.

મળતી માહિતી અનુસાર મોરબીના ધરમપુર ગામ નજીક આવેલ બીપીસીએલ કંપનીના હિના પેટ્રોલપંપમાં ગત તા. ૧૦/૦૭ના રોજ પુરપાટ ગતિએ ચલાવી આવતા ડમ્પર રજી. નં.જીજે-૩૬-વી-૯૯૬૯ના ચાલકે સરેઆમ રોડ ઉપર પુરઝડપે અને ગફલત ભરી રીતે માણસોની જીંદગી જોખમાય તે રીતે ચલાવી આવતા અચાનક કાવુ મારતા સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા ડમ્પર પલ્ટી ખાઇ પેટ્રોલપંપની દિવાલ સાથે ભટકાઇ આડુ પડી જઈ અકસ્માતની ઘટના બની હતી. ત્યારે ડમ્પર પેટ્રોલપંપની દિવાલ તોડી તથા હવા ભરવાના કમ્પ્રેસર મશીનમા નુકશાન કર્યું હતું. અકસ્માત બાદ ડમ્પર ચાલક પોતાના હવાલાવાળુ ડમ્પર રેઢુ મુકી નાશી ગયો હતો . ત્યારે અકસ્માતની ઘટના અંગે હિના પેટ્રોલપંપમાં મેનેજર તરીકે ફરજ બજાવતા મ રાજસ્થાન રાજ્યના રહેવાસી લખમારામ મોતીભાઇ પંચાલ જાતે-મેઘવાલ ઉવ-૩૦ની ફરિયાદના આધારે મોરબી તાલુકા પોલીસે આરોપી ડમ્પર ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# જામકંડોરણા તાલુકાના ઈન્ચાર્જ બાળ વિકાસ યોજના અધિકારી કોમલબેન ઠાકરની નબળી કામગીરી અને ફરિયાદોને કારણે તાત્કાલિક ચાર્જમાંથી મુક્ત કરાયા !

## જિલ્લા પંચાયત ના મહિલા અને બાળ યુવા પ્રવૃતિ વિકાસ સમિતિના ચેરમેન કંચનબેન બગડાની ધારદાર રજૂઆતના પગલે '

**મુખ્ય સમાચાર, નિલેષ સોલંકી**

**ઢાંકઃ** જામકંડોરણા તાલુકામાં આઇ.સી.ડી.એસ ઘટક મા ઈન્ચાર્જ બાળ વિકાસ યોજના અધિકારી કોમલ બેન ઠાકર દ્વારા ચાલતી લાલિયાવાડી થી લાભાર્થીઓ ત્રસ્ત પામી ગયા હતા વારંવાર ફરિયાદો ઉઠી હતી આ ઈન્ચાર્જ બાળ વિકાસ યોજના અધિકારી પોતાની મરજી થી સરકારી કચેરી ચલાવતા હતા. જયાર થી જામકંડોરણા તાલુકામાં ઈન્ચાર્જ બાળ વિકાસ યોજના અધિકારી તરીકે કોમલ બેન ઠાકર ચાર્જ મા આવ્યા હતા ત્યાર થી કોઈ ને કોઈ વિવાદો થયા કરતા હતા અને ઉચ્ચ કક્ષાએ ઘણી બધી રજૂઆત પણ થઈ આવી હતી.

ઈન્ચાર્જ બાળ વિકાસ યોજના અધિકારી કોમલ બેન ઠાકર સામે પણ





આંગણવાડી વર્કર ની ભરતી બાબતે ગંભીર આક્ષેપો ઉચ્ચકક્ષાએ થયા હતા હમેશા કામગીરી કારણે વિવાદો મા રહેતા હતા ક્યારેય સમય પર કામ કરતા ન હતા. જામકંડોરણા મત વિસ્તાર ના જિલ્લા પંચાયત ના ચુંટાયેલા મહિલા સભ્ય અને હાલ જિલ્લા પંચાયત મા મહિલા અને બાળ યુવા પ્રવૃતિ વિકાસ સમિતિ ના ચેરમેન કંચન બેન બગડા ને વારંવાર લોકો ની રજૂઆત મળતી હતી ચેરમેન દ્વારા રાજકોટ આઇ.સી.ડી.એસ તંત્ર ને ૮/૭/૨૦૨૪ ના રોજ લેખિત રજૂઆત કરી હતી કે ગોંડલ ૨ ના બાળ વિકાસ યોજના અધિકારી કોમલ બેન ઠાકર ને જામકંડોરણા તાલુકાના ઈન્ચાર્જ બાળ વિકાસ યોજના અધિકારી નો ચાર્જ સોંપાયેલ હોય તે બદલી નાખવો તેવી રજૂઆત થઈ આવી હતી તેને દયાને લઈને તાત્કાલિક અસરથી બાળ વિકાસ યોજના અધિકારી કોમલ બેન ઠાકર ચાર્જ છૂટો કરીને ગોંડલ ૧ બાળ વિકાસ યોજના અધિકારી આપી દેવામાં આવ્યો છે તેવી સત્તાવાર માહિતી મળેલ છે.

# મુસ્કાન વેલફેર સોસા. દ્વારા મહેંદી અને બ્યુટી પાર્લર કોર્ષના પ્રમાણપત્ર એનાયત કરાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મુસ્કાન વેલફેર સોસાયટી દ્વારા જે ૧૦ દીકરીઓને નિ:શુલ્ક મહેંદી અને બ્યૂટી પાર્લરનો કોર્સ કરાવવામાં આવ્યો હતો. તે ૧૦ દીકરીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ કોર્સ જરૂરીયાતમંદ દીકરીઓને નિકટના ભવિષ્યમાં આજીવિકાને આગળ વધારવામાં અગત્યનું થશે.

આ કાર્યક્રમમાં, રાજકોટના નિષ્ણાત બ્યુટિશિયન અમિતાબેને આ અંતર્ગત વિવિધ પ્રકારના ઉત્પાદનોની માહિતી આપી અને એક દીકરીને તૈયાર કરીને તમામ વિદ્યાર્થીઓને ડેમો આપ્યો હતો.




# સદ્ગુરૂનો મહીમા અપરંપારઃ આપાગીગાના ઓટલે ઉજવાશે ભવ્યાતિ ભવ્ય ગુરૂપૂર્ણિમા મહોત્સવ ઉજવાશે

## જીવરાજબાપુ ગુરૂ શામજીબાપુના જયઘોષ સાથે પૂજન, આરતી, વિશીષ્ટ મહાપ્રસાદઃ સમગ્ર ભાવિકોને લાભ લેવા નરેન્દ્રબાપુ ગુરૂ જીવરાજબાપુ (નરેન્દ્રભાઇ સોલંકી)નું જાહેર નિમંત્રણ


**મુખ્ય સમાચાર, રાજકોટ**

સમગ્ર ગુજરાતના દર્શનીય સંસ્થાનોમાં અતિ સુપ્રસિધ્ધ બનેલા આપાગીગાના ઓટલો, મોલડી ગામના વળાંક પાસે, ચોટીલા-રાજકોટ હાઇવે તા. ૨૧-૦૭-૨૦૨૪ રવિવારે પરંપરાગત રીતે ગુરૂપૂર્ણિમા મહોત્સવ ખુબજ ધામધૂમ પૂર્વક ઉજવવામાં આવશે. સદ્ગુરૂદેવ જીવરાજબાપુ ગુરૂશ્રી શામજીબાપુના પૂજન તેમજ અર્ચન સહીતના વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

સમગ્ર દેશની અંદર ખુબજ આદર સહીતનું ધામ એટલે કે સતાધારધામ અને સતાધારધામના સંત બ્રહમલીન પરમ પૂજય જીવરાજબાપુના શિષ્ય અને આપાગીગાના ઓટલાના મહંતશ્રી નરેન્દ્રબાપુ (નરેન્દ્રભાઇ સોલંકી) જણાવે છે કે ગુરૂપૂર્ણિમાનું પાવનપર્વ નજીક આવી રહયુ છે ત્યારે સમગ્ર શિષ્ય સમુદાય અને ભાવીકોમાં ખુબજ હરખની હેલી ચઢી છે. આ સમગ્ર સૃષ્ટી માનવતાનું મનોહર મંદિર તો છે જ. પ્રત્યેક માનવ



સંત શ્રી જીવરાજબાપુ – સતાધાર



આ મંગલ મંદિરનો યાત્રીક પણ છે. પરમપીતા પરમાત્મા તેમજ માં ભગવતી દ્વારા પ્રેરણાનો પૈગામ આપે છે કે ભકિતથી ભીતનું શુભત્વ જાગે છે, સત્સંગથી માનવ જીવનયાત્રા સરળ બને છે. સત એટલે બ્રહ્મ, બ્રહ્મનો સંગ એટલે જ સત્સંગ. સત્સંગમાં જો સંત સંગ ભળે તો જીવન ધન્ય બની શકે છે. શ્રી આપાગીગાના ઓટલે ગુરૂપૂર્ણિમાના પવિત્ર દિવસે સંતો-મહંતોની હાજરીમાં ભકિત તેમજ ભોજનનો સંગમ થશે. ગુરૂપૂર્ણિમા ચાર વેદોના રચયીતા પરમ પૂજયનીય વ્યાસજીનો જન્મદિન હોવાથી વ્યાસપૂર્ણિમા તરીકે પણ ઓળખવામાં આવે છે.

સદ્ગુરૂદેવના પૂણ્ય સ્મરણ સાથે શ્રી નરેન્દ્રબાપુ ગુરૂશ્રી જીવરાજબાપુ જણાવે છે કે શ્રી શિષ્યના અંતરના ઓરડામાં સદ્ગુરૂ અજવાળુ પાથરે છે. શિષ્યને ગાઢ અંધકાર તરફથી દિવ્ય ઉજાસ તરફ લઇ જવાનું સદ્ગુરૂશ્રી દિવાદાંડીનું કામ કરે છે. સમગ્ર ભારતના શાસ્ત્રોએ સદ્ગુરૂને દેવ પણ માનવતો ઉપદેશ આપ્યો છે. રામાયણ હોય, મહાભારત હોય કે આ કળીકાળયુગમાં પણ અનેક રાજવીઓએ પોતાના સદ્ગુરૂશ્રીઓ પાસેથી શાસ્ત્ર અને શસ્ત્રનું ઉત્તમ જ્ઞાન મેળવ્યુ હતુ. સત્ગુરૂ દરેક દિવસે સંપૂર્ણ પણે વંદનીય હોય છે પણ ગુરૂપૂર્ણીમા એ સદ્ગુરૂના સવિશેષ પણે ગુણગાન ગાવા માટેનો એક ખુબજ મોટો અવસર છે.

અષાઢ સુદ પૂનમ તા. ૨૧-૭-૨૦૨૪, રવિવારે શ્રી આપાગીગાના ઓટલે સવારે ૧૦ (દસ) કલાકે આવેલ સંતો-મહંતો તેમજ ભકતજનોની હાજરીમાં પરમ પૂજય સદ્ગુરૂદેવ શ્રી જીવરાજબાપુ ગુરૂશ્રી શામજીબાપુની પ્રતિમાનું સમગ્ર સાધુ સંતો, તેમજ ભકતો દ્વારા પૂજન કરી આરતી કરવામાં આવશે. સમગ્ર ભકતજનોને સંતોના દર્શન,વાણી અને આશીર્વાદનો લાભ મળશે. વિદ્વાન બ્રહમાણો દ્વારા શાસ્ત્રોકત વિધી તેમજ મંત્રોચારથી સમગ્ર ભકતજનોને પણ પરમ પૂજય શ્રી જીવરાજબાપુનો પૂજન કરવાનો અવસર મળશે. તેનાથી સોનામાં સુગંધ ભળશે. ત્યારબાદ સમગ્ર સાધુ સમાજ તેમજ આવેલ સમગ્ર ભકતગણ માટે બપોરે બે મિષ્ઠાન, ફરસાણ, દાળ, ભાત, બે શાક સાથેનો વિશેષ મહાપ્રસાદ (ભોજન) આપવામાં આવશે. સર્વે ભાવિકજનોને માતાઓ, બહેનો, ભાઇઓ, યુવાનો તેમજ સમગ્ર સમાજના લોકોને ગુરૂપૂર્ણીમા મહોત્સવનો લાભ લઇ અને આધ્યાત્મીક જીવનમાં આગળ વધવા માટેનું શ્રી નરેન્દ્રબાપુ (નરેન્દ્રભાઇ સોલંકી)નું ભાવભર્યુ જાહેર નિમંત્રણ છે. શ્રી આપાગીગાના ઓટલો છેલ્લા ૧૨ વર્ષ થયાં કાયમ માટે એટલે કે ૨૪ કલાક કોઇપણ જાતના ભેદવભાવ વગર સૌ ભવીક જનો તેમજ યાત્રાળુઓ માટે મહાપ્રસાદ અને વિશ્રામ (ઉતારા) ની વ્યવસ્થાઓ અવીરત પણે ચાલી રહી છે. આ સેવા યજ્ઞ છેલ્લા ૧૨ વર્ષથી વધુ સમયની આ સેવાયજ્ઞ નિરંતર ચાલી રહયા છે.

# આજે મહોર્રમનું પર્વઃ ઠેર ઠેર તાજીયાના જુલુસ નીકળશે






(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

હઝરત ઈમામ હુસેન અને તેના ૭૨ સાથીદારોએ બહોરેલી શહાદતની યાદમાં સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા મનાવાતા મહોર્રમ પર્વમાં ગઈકાલે જોહરની નમાઝ બાદ કલાત્મક તાજીયા પડમાં આવ્યા હતાં. અને રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં તાજીયાના ઝુલુશ નિયત કરેલા રૂટ પર ફર્યા હતા. જેયા વરસાદ હતો ત્યાં તાજીયા માતમમાં રહ્યા હતા ગઈકાલે રાજકોટમાં રાત્રે વરસાદ પડયો હોવાથી ૮૦ ટકાથી વધારે તાજીયા માતમમાં રહ્યા હતા.મોટાભાગના તાજીયા રૂટમાં ફર્યા ન હોતા નજીકના તાજીયાનું ઝુલુશ નીકળ્યું હતું. ન્યાઝનો બગાડ ન થાય તે માટે તાજીયાનું મર્યાદિત રીતે પ્રસ્થાન કરવામાં આવેલ હતું.રાજકોટમાં ઘણો વર્ષો બાદ મોટાભાગના તાજીયા માતમમાં રહ્યાં જે નિર્ધારિત રૂટ પર ફર્યા નહોતા.આજે બપોરે આશુરી નમાઝ પઢાવાઈ હતી જે ઈદની નમાઝ જેટલી મહત્વની લેખવામાં આવે છે. બપોરની જોહરની નમાઝ બાદ તાજીયા પોતાના માતમમાંથી નીકળીને લાઈનદોરીમાં ફરશે.

આજે સાંજે સમૂહમાં રોઝાઝુલશે અને મુસ્લિમ સમાજ ન્યાઝના આયોજનમાં ભાગ લેશે તાજીયા રૂટમાં ફર્યા બાદ રાત્રે ૧ વાગે ઠંડા થશે ઝમઝમનું પાણી છાંટીને તાજીયા ઠંડા થસે અ ઘણાએ ખડીચોકીની માનતા પુરી કરી હતી.રોઝા ખુલ્યા પછી તાજીયા આગળ વધશે.

## નવા કાંડના વાદળો હજુ મંડરાયેલા છે, ભાજપની ભ્રષ્ટાચારની ભૂખ લોકોના જીવ હણી શકે તેમ છેઃ ઈન્દ્રનિલ રાજ્યગુરૂ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજરોજ રાજકોટ શહેર કોંગ્રેસ કાર્યાલય ખાતે પત્રકાર પરિષદને સંબોધતા પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલભાઈ રાજ્યગુરુએ જણાવ્યું હતું કે નવા કાંડ ના વાદળો હજી મંડરાયેલા છે ભાજપ ભ્રષ્ટાચાર માં ગળાડુબ છે ત્રીપલ એન્જિનની સરકાર કોર્પોરેશન થી લઇ અને સંસદ સુધી ભ્રષ્ટાચારમાં ડૂબેલી છે. અને તેની ભૂખ પૂરી થતી જ નથી ત્યારે લોકોને જાગૃત કરવા અમે અમારી ફરજ સમજીએ છીએ. જે રીતના સરકારી તંત્ર દ્વારા તપાસ ચલાવી રહી છે એમાં ખ્યાલ આવે છે કે ગુજરાત સરકાર કોર્પોરેશનના તેના પદાધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓ જેના દ્વારા ભ્રષ્ટાચાર કરવામાં આવે છે તેવા લોકોને બચાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. આનાથી રાજકોટની પ્રજા ઉપર ફરીથી કાંડ થવાની શક્યતાઓ મંડરાયેલી છે.

ગુજરાતમાં રાજકોટ એ કોઈ પેલી ઘટના નથી પરંતુ આગલી ઘટનાઓમાં વડોદરામાં હરણીકાંડ, સુરતના તક્ષશિલા કાંડ, રાજકોટના હોસ્પિટલમાં આગની ઘટના, મોરબીના ઝુલતા પુલની ઘટના આ તમામ ઘટનાઓને



છાવરવામાં આવી છે. અને એમાં કોઈ પણ હજી જેલની સજા પામ્યા નથી ત્યારે થોડા નાના અધિકારીઓને અંદર કરી અને ભવિષ્યના કાંડ ઉપર બ્રેક લાગે કુંભકર્ણની નિંદ્રામાં સુતેલી સરકારને જાગૃત કરવા એ કામ અમે કરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ પરંતુ લોકોની જાગૃતિ જ આમાં કામ કરી શકશે સરકાર ઉપર પ્રેશર લાવી શકશે રાજકોટ સફળ બંધને આ સરકારને હલાવી હતી ત્યારે તમારી સતત જાગૃતિ અને રોજ બે રોજની તમારી અંદરો અંદરની ચર્ચાઓની પણ સરકાર નોંધ લેતી હોય છે ત્યારે અધિકારીઓને કે પદાધિકારીઓને બચાવવાનું જે ભાજપ કરી રહ્યું છે તેના તેની ચર્ચાઓ પણ ચોરે ચપ્પોટે થાય ત્યારે જ આ સરકાર ઉપર કંટ્રોલ આવશે અને એ માટે લોક જાગૃતિનું કામ અમે મેળામાં સ્ટોલ મેળવી અને કરવા માગીએ છીએ. અને આ અંગે આવતીકાલે રાજકોટ જિલ્લા કલેક્ટર સમક્ષ લોકમેળામાં અગ્નિકાંડ પીડિતો જે ન્યાય અંગેના સ્ટોલની લેખિતમાં માગણી રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા કરવામાં આવશે. હાલમાં જો સરકાર એની ઓછો વિકાસ અને જાહેરાતો જાજી એ મેળામાં કરી શક્તા હોય તો લોકજાગૃતિનું કામ મેળામાં શા માટે ન થઈ શકે ? સરકારની અસફળતાઓને દર્શાવવાનું કામ મેળામાં શા માટે ન થઈ શકે.

અમારી જાણકારી મુજબ અધિકારીઓ જેની ધરપકડો કરવામાં આવી છે તેમણે પદાધિકારીઓના નામ પણ દરેક તપાસમાં કબુલાત કરેલ છે છતાં પણ એ નામ ખુલતા નથી તેને બચાવી લેવાનું પ્રોમિસ આપવામાં આવે છે પરંતુ જે એમાં ખરા અર્થમાં ગુનેગાર છે આટલી જિંદગીઓ લેવાના તેને છાવરવાનો ખુલ્લેઆમ સરકાર પ્રયત્ન કરી રહી છે અને એના નામ જાહેર કરવાની પણ સરકાર દરકાર કરતી નથી.

જો સરકાર લોકમેળામાં આ અંગે સ્ટોલ નહીં ફાળવે તો અગ્નિકાંડનો મુદ્દો રાજકોટની શેરીમાં લઈ જવાશે. ભાજપ સરકાર ફક્ત ગેમ ઝોન માં જ ભ્રષ્ટાચાર આચરી છે એવું નથી પરંતુ રસ્તા ના કામમાં અને બાંધકામમાં બેફામ ભ્રષ્ટાચારો આચરીને કરોડો રૂપિયામાં આ ભાજપના નેતાઓ ની લાંચ રૂશ્વત બ્યુરો ખાતા દ્વારા તપાસ પણ થવી જોઈએ. સરકાર ભાવનગર ની રથયાત્રામાં એક પ્લોટ પણ સહન કરી શકતી ન હોય ત્યારે સ્ટોલ નહીં આપે તો પત્રિકા દ્વારા મેળામાં જાગૃતિ કરવાનું કામ કોંગ્રેસના તમામ કાર્યકરો દ્વારા કરવામાં આવશે.

આજની પત્રકાર પરિષદમાં ઈન્દ્રનીલભાઈ રાજગુરુ, અતુલ રાજાણી, જશવંતસિંહ ભટ્ટી, નયનાબા જાડેજા, ધરમભાઈ કાંબલીયા, વશરામભાઈ સાગઠીયા, ગોપાલભાઈ અનડકટ, ડી.પી મકવાણા, મેઘજીભાઈ રાઠોડ, ગજેન્દ્રસિંહ ઝાલા સહિતના કોંગ્રેસના આગેવાનો એ હાજરી આપી હતી.

## આજે નાની બાળાઓના મોળાકત વ્રતનો પ્રારંભ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

આપણા વ્રત તહેવારોનું દિકરીઓની નાની વયે જ સિંચન થાય તેવા હેતુથી ઉજવાતા મોળાકત વ્રતનો આજથી પ્રારંભ થયો છે. જેમાં જવેરા વાવીને ગોરમાનું પુજન કરવામાં આવે છે. મોળુ ભોજન ગ્રહણ કરીને વ્રત રાખવામાં આવે છે. આ વ્રતમાં નાની બાળાઓ જવેરા વાવી તેનું પૂજન કરી પાંચ દિવસ મીઠા (નમક) વગરનું ભોજન અને ફરાળ ગ્રહણ કરી છેલ્લા દિવસે રાત્રીના ૧૨ વાગ્યા સુધીનું જાગરણ કરીને વ્રતને વિરામ આપે છે. આ વ્રતની શરૂઆત થયા પછી જયાપાર્વતી, એવરત જીવરત, ફુલકાજળી સહીતના વ્રતોની હારમાળા શરૂ થાય છે. આખો શ્રાવણ માસ બહેનોને વ્રત તહેવારોની ભરમાર રહે છે. આજે અગીયારસના મોળાકતના વ્રતનો પ્રારંભ થયો છે. બાળાઓ નવા વષા પરિધાન કરી નજીકના મંદિરે જઇ ગોરમાનું પૂજન કરે છે. પુનમના જાગરણ સાથે આ વ્રત પૂર્ણ થશે. તસ્વીરમાં નવા વષાો પરિધાન કરી ગોરમાનું પૂજન કરવા એકત્ર થયેલ બાળાઓ નજરે પડે છે.

## રેલવે પ્રોટેક્શન ફોર્સ દ્વારા ૬ મહિનામાં ૨૩ બાળકનો બચાવ, પરિવાર સાથે મિલન કરાવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**



રાજકોટ ડિવિઝનના રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF)ને રેલવે મિલકત, મુસાફરો અને તેની સાથે જોડાયેલી બાબતોની સુરક્ષાની જવાબદારી સોંપવામાં આવી છે. જેમાં રાજકોટ ડિવિઝનલ રેલવે મેનેજર અશ્વનીકુમાર અને ડીવીઝનલ સિક્યુરીટી કમિશનર કમલેશ્વર સિંહના માર્ગદર્શન હેઠળ રાજકોટ ડીવીઝનના RPFના જવાનો રેલવે અને રેલવે મુસાફરોની સુરક્ષા માટે ઉત્તમ સેવા આપી રહ્યા છે. જાન્યુઆરીથી જૂન ૨૦૨૪ સુધી ઓપરેશન જીવન રક્ષા હેઠળ, રેલવે પ્રોટેક્શન ફોર્સે પોતાની સુરક્ષાની પરવા કર્યા વિના, ફરજની ઉપર અને આગળ વધીને ૦૧ વ્યક્તિનો જીવ બચાવ્યો હતો. જ્યારે ઓપરેશન નન્હે ફરિશ્તે હેઠળ, રાજકોટ રેલવે પ્રોટેક્શન ફોર્સે CWC અને NGO સાથેના સંકલનમાં અનુવર્તી કાર્યવાહી સાથે કુલ ૨૩ બાળકને બચાવી અને તેમના પરિવારો સાથે પુનઃ:મિલન કરાવ્યું હતું. એટલું જ નહીં ઓપરેશન અમાનત હેઠળ RPFએ તેમના હકદાર માલિકોને ૨,૧૪,૨૧૧થી વધુની કિંમતી ચીજવસ્તુઓ પરત કરી છે.

## મહાત્મા ગાંધી પ્લોટમાં ફરિયાદ નોંધાવતા મહિલાને વ્યાજખોરોએ આપી ધમકી

### ગુનો નોંધાયા બાદ પોલીસે ધરપકડ નહી કરતા વ્યાજખોરો બેફામ બન્યાઃ મહિલાના પરિવારને જીવનુ જોખમ હોવાની ગૃહમંત્રીને અરજી કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મહાત્મા ગાંધી પ્લોટમાં રહેતા મહિલાએ વ્યાજખોરી અંગે મહિલા સહીત ત્રણ સામે બી ડીવીઝન પોલીસમાં કરેલી ફરિયાદ બાદ પોલીસે ધરપકડ ન કરતા માથાભારે મહિલા વ્યાજખોર સહિતના ત્રિપુટીએ શખ્સોએ ઘરે આવી ફરિયાદી મહિલાને ફરીયાદ પાછી ખેચી લેવા ધમકી આપી હતી. માતા-પુત્રીને જાનનું જોખમ હોવાની અરજી કરવામાં આવી છે. પારેવડી ચોકમાં આવેલ મહાત્મા ગાંધી પ્લોટમાં રેખાબેન મોહનભાઈ ખંડવીએ શેરીમાં રહેતા મીનાબેન ડાયાલાલ સોલંકી હસ્તક ૩ લાખ વ્યાજે લીધા હતા જેના અઢી લાખ ચૂકવી દીધા હતા બાદમાં ૫૦ હજાર બાકી હોય છતાં વ્યાજખોર વિનોદ નારણભાઈ રાઠોડ અને વિશાલ ભાણજીભાઈ પરમાર ૪ લાખ માંગી પઠાણી ઉઘરાણી કરી ધમકી આપતા હોય ગત શનિવારે ત્રણેય સામે બી ડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.જેમાં પોલીસે વ્યાજખોરની ધરપકડમાં ઢીલ રાખતા વ્યાજખોર શખ્સો અને મહિલાએ ફરિયાદી રેખાબેનના ઘરે આવી આંતક ફરીયાદ પાછી ખેચી લેવા ધમકી આપી હતી. આ ઘટના અંગે ફરિયાદી રેખાબેને ગૃહમંત્રી, પોલીસ કમિશ્નર અને મહિલા આયોગને સંબોધીને અરજી કરી હતી જેમાં જણાવ્યું કે, બી ડીવીઝન પોલીસે ફરીયાદ નોંધ્યા બાદ એકપણ આરોપીની હજૂ સુધી ધરપકડ કરી નથી તેમજ ફરિયાદની નકલ પણ આપવામાં આવી નથી.

## રૈયા ટેલિફોન એક્સચેન્જ પાસે વાહન ભટકાતા વિદ્યાર્થી પર છરી વડે હુમલો

### સોશ્યલ મીડિયામાં વિડિયો વાયરલ થતાં પોલીસે એકટીવા ચાલક હુમલાખોરની ધરપકડ કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રૈયા ટેલીફોન એક્ચેન્જ પાસે શખ્સે બે વિધાર્થી સાથે મોટર સાયકલ અડી જવાની સામાન્ય બાબતે ગાળાગાળી કરી છરી વડે હુમલો કર્યો હોવાનો વિડિયો વાયરલ થતાં પોલીસ હરકતમાં આવી હતી. અને શખસને ગણતરીને કલાકોમાં ઝડપી લીધો હતો. શહેરના સ્ટલીંગ હોસ્પિટલ પાછળ રાજ રાજેશ્વરી પાર્કમાં રહેતા ઘનશ્યામભાઈ બકરાણીએ .ગાંધીગ્રામ પોલીસમાં GJ 03 NJ 7102ના એકટીવા ચાલક સામે ફરિયાદ નોંધાવી છે.જેમાં આજે બપોરે હું ઘરે હતો ત્યારે અજાણ્યા નંબરમાંથી ફોન આવ્યો કે તમારા પુત્રનું રૈયા ટેલીફોન એકસચેન્જ પાસે અકસ્માત થયેલ છે. બનાવ સ્થળે જઈ મારા પુત્રને પુછતા જણાવ્યુ કે હું અને મારો મિત્ર દોઢેક વાગ્યાની આસપાસ સ્કુલથી છુટીને પ્લેઝર લઈ ઘરે આવતા હતા ત્યારે ઈન્દીરા સર્કલ પાસે પહોંચતા વળાંક વળતો હતો ત્યારે ડાબી બાજુથી એક એકટીવા આવી સામાન્ય અડવા બાબતે ચાલકે બોલાચાલી કરેલ બાદમાં ફરી એકટીવા ચાલકે રૈયા ટેલીફોન એકચેન્જ પાસે રોકાવી ગાળો આપી પોતાની પાસે રહેલ છરી વડે હુમલો કર્યો હોવાનો વિડિયો સોશ્યલ મીડીયામાં વાયરલ થતાં પોલીસે તપાસ હાથ ધરતાં પોપટપરા શેરી નં-૨માં રહેતો બલદેવ ઉર્ફે બરીયો ફતેપરા હોવાનું જાણવા મળતાં તુરંત ઝડપી લઈ ગાંધીગ્રામ પોલીસે ગણતરીની કલાકોમાં ભેદ ઉકેલ્યો હતો.

## મોરબીના ધારાસભ્યના પ્રયત્નોથી વી.સી.ટેક. હાઈસ્કૂલમાં વર્ગ-૨ ના આચાર્યની નિમણુંક

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકામાં આવેલ ધ વી.સી.ટેક. હાઈસ્કૂલ સો કરતા વધુ વર્ષ જૂની મોરબીની આન બાન અને શાન એવી એકમાત્ર સરકારી શાળા છે,જેમાં મોરબીના ઓરપેટના સંસ્થાપક ઓ.આર.પટેલ, શિક્ષક તરીકે ફરજ બજાવી છે,ડો.જયંતીભાઈ ભાડેસીયા,ડો.સતિષભાઈ પટેલ જેવા અનેક ડોકટર તેમજ મોરબી પંથકની અનેક ગણ્ય માન્ય મહાનુભાવોએ અભ્યાસ કર્યો છે અને આજે જેમાં ધો.૯ થી ૧૨ ના ૧૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને મોટા ભાગના સરકારી કાર્યક્રમો આ સ્કૂલમાં થાય છે,વિવિધ સ્પર્ધાત્મક



પરીક્ષાઓનું આયોજન અને વ્યવસ્થાપન આ સ્કૂલમાંથી થાય છે,પણ છેલ્લા પાંચ વર્ષથી આ સ્કૂલમાં રેગ્યુલર વર્ગ-૨ ના આચાર્યની જગ્યા ખાલી હતી, ઈન્ચાર્જ આચાર્યનું અકસ્માતમાં ઈજાગ્રસ્ત થતા ઈન્ચાર્જના પણ ઈન્ચાર્જ આચાર્યથી વી.સી.હાઈસ્કૂલનો વહીવટ ચાલતો હતો,આ શાળામાં અભ્યાસ કરતા ૧૩૦૦ જેટલા વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતોને ધ્યાને લઈ મોરબીના જાગૃત ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાની રજુઆતને ધ્યાનમાં લઇ વી.સી.ટેક.હાઈસ્કૂલમાં વર્ગ-૨ ના અને હાલ કમિશનર કચેરી ગાંધીનગર ખાતે વિષય નિષ્ણાંત તરીકે ફરજ બજાવતા ભદ્રસિંહ અર્જુનસિંહ વાઘેલાની આચાર્ય તરીકે નિમણુંક થતા ઘણાં લાંબા સમય બાદ વી.સી.હાઈસ્કૂલમાં રેગ્યુલર આચાર્ય મળતા કાંતિભાઈ અમૃતિયા અને શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીંડોરનો અને શિક્ષણ વિભાગનો સમગ્ર વી.સી.હાઈસ્કૂલ પરિવારે આભાર પ્રકટ કરેલ છે.

## ઓફિસમાં નોકરી કરતી યુવતી પર માલીકે નજર બગાડીઃ અડપલા કર્યાની ફરિયાદ

### માલિક ફાર્મહાઉસ, ફલેટ, ઓફીસમાં અને ગોવા લઈ જઈ બળજબરી કરી હતીઃ આર્થિક સ્થિતિ નબળી હોવાથી યુવતી સહન કરતી રહીઃ અંતે ફરિયાદ નોંધાવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં રહેતી એક યુવતીને તેના માલીકએ તેના ફાર્મ હાઉસ તેમજ ગોવા લઈ જઈ શારિરીક અડપલા કરી છેડતી કરી હોવાની ફરીયાદ પ્ર.નગર પોલીસમાં નોંધાતા ચકચાર મચી જવા પામી છે પોલીસે ગુનોં નોંધી તપાસ હાથ ધરી છે.

શહેરના એક વિસ્તારમાં રહેતી ૨૧ વર્ષીય યુવતીએ હિમાશું મનહરલાલ શાહ સામે પ્રનગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યું હતુ કે તે આરોપીની ડે.કે. ફોરેઝી નામની ટ્રાવેલ્સ કંપનીમાં મે ૨૦૨૩થી નોકરીએ રહ્યા બાદ પ્રથમ ટેલીકોલર તરીકે ત્યાં કામ કરતી હતી ત્યારે મારો પગાર રૂ.૯ હજાર હતો બાદમાં કામથી ખુશ થઈ માલીકે પગાર વધારી રૂ.૧૩ હજાર કરી દીધો હતો પોતે આરોપી સાથે રાજકોટથી મોરબી ગાડીમાં આવતી ત્યારે બિભત્સ વાતો કરી અડપલા કરતો પરંતુ મજબુરીના કારણે મુંગા મોઢે સહન કરતી રહી હતી ૩૧ ઓકટોબર ૨૦૨૩ થી ૨૦ જાન્યુઆરી ૨૦૨૪ દરમ્યાન યાજ્ઞિક રોડ પર આવેલ તેની ઓફીસે તેમજ તેના ફાર્મહાઉસે તેમજ ફલાઈટમાં ગોવા લઈ જઈ શારિરીક અડપલા કર્યા હતા અને છાતીના ભાગે હાથ ફેરવી ચુંબન કર્યું હતુ બાદમાં તેના ભાગીદારીના ફાર્મ હાઉસમાં લઈ ગયેલ તેમજ ડિસેમ્બર ૨૦૨૩માં તેના એપાર્ટમેન્ટમાં લઈ જઈ આરોપીએ ગ્લાસમાં ઠંડુ નાખી બાદમાં દારૂ નાખી બળજબરીથી પીવડાવ્યું હતુ આરોપીએ તેના સાળા સાગર દોશીના મકાને લઈ જઈ દારૂ પી અડપલા કરી બળજબરીથી ફરીવાર દારૂ પીવડાવ્યો હતો મારી આર્થિક સ્થિતી નબળી હોવાના કારણે માલીકે ફાયદો ઉઠાવી અવાર-નવાર પોતાની હવસ સંતોષવા અડપલા કર્યા હોવાની ફરીયાદ નોંધાવતા પ્ર.નગર પોલીસ મથકના પીઆઈ ઝણકાત સહીતે ગુનો નોંધી શખસને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# કાલાવડ રોડ પર વાજડી પાસે બે આખલાની લડાઈમાં નિર્દોષ યુવાનનો ભોગ લેવાયો

## આખલાની લડાઈથી બચવા જતા યુવાનનું બાઈક સ્લીપ થયુ ડમ્પરનું વ્હીલ ફરી વળતા યુવાનનું કરૂણ મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં રખડતા ઢોરને લીધે વધુ એક જીવલેણ અકસ્માત સર્જાયો છે જેમાં બે છ બહેનોના એકના એક ભાઈનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે કાલાવડ રોડ ઉપર વાજડી પુલ પાસે રસ્તામાં આખડતા આખલાને તારવવા જતા આખલો બાઈક સાથે અથડાતા બાઈક સ્લીપ થતા રોડ પર પટકાયેલા યુવાન ઉપર પાછળથી આવતું રેતી ભરેલું ડમ્પર ફરી વળતાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતુ. જ્યારે એક યુવકને ઇજા થઈ હતી.



મૂળ પોરબંદરના વતની અને હાલ રાજકોટમાં મવડી ચોકડી પાસે રહી મેટોડા કંપનીમાં નોકરી કરતા ચિરાગભાઈ જગદીશભાઈ ચીકાણી ઉ. ૩૫ અને આર્યનગરમાં રહેતો સાથી કર્મચારી નીતિનભાઈ મગનભાઈ રાઠોડ ઉ ૨૭ બંને મેટોડામાં આવેલ કંપનીએ બાઈક લઈ નોકરીએ જતા હતા બાઈક નીતિનનુ હતુ અને બાઈક ચીરાગ ચલાવતો હતો વાજડી પુલ પર બે ખુટિયા વચ્ચે આખલા યુધ્ધ ચાલતું હતું તેને તારવવા જતા એક વિરેલો આખલો બાઈક સાથે અથડાતા બાઈક સ્લીપ થઈ ગયું હતું અને ચિરાગ જમીન પર પટકાયો હતો તેની ઉપર પાછળ આવતું રેતી ભરેલું ડમ્પર ફરી વળ્યું હતું જ્યારે નીતિન બીજું બાજુ પડતા તેને સામાન્ય ઈજા થઈ હતી બનાવને પગલે લોકોના ટોળાં એકઠા થઈ ગયા હતા અને ૧૦૮માં જાણ કરતા ૧૦૮ના સ્ટાફે આવી જોઈ તપાસી ચિરાગને મૃત જાહેર કર્યો હતો બનાવની જાણ થતાં મેટોડા પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી હતી અકસ્માત એટલો ગંભીર હતો કે મૃતક યુવકનો એક હાથ ખંભાથી જુદો પડી ગયો હતો બનાવની કરૂણતા એ છે કે મૃતક બે બહેનોનો એકનો એક નાનો ભાઈ હતો તેના પિતા હયાત નથી મોતથી બે દિકરીઓએ પિતાની છત્રછાયા ગુમાવી છે આધારસ્તંભ પૂત્રના મોતથી પરીવારમાં શોક વ્યાપી ગયો છે.

# પોલીસ ઉપર ગંભીર આક્ષેપ કરનાર ક્રિકેટ સટ્ટાના બુકી સહિત ત્રણ સામે ફરિયાદ

## સટ્ટામાં જીતેલા રૂપિયા પોણા કરોડ કઢાવવા માટે પટેલ યુવાનને પિસ્તોલ બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપતા ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સામાકાંઠે પેડક રોડ પર રહેતા પટેલ વેપારી પાસે ક્રિકેટ સટ્ટામાં જીતેલા રૂપિયા પોણા કરોડ કઢાવવા બે નામચીન બુકી સહિત ત્રણ શખ્સોએ પિસ્તોલ બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ ડીસીબી પોલીસમાં નોંધાયા બાદ પોલીસે તપાસ હાથ ધરી છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ સામાકાંઠે પેડક રોડ પર શ્રીજી આઈસ્ક્રીમની બાજુમાં પિતૃકૃપા મકાનમાં રહેતો પ્રિન્સ મનોજભાઈ ઠુમ્મર (ઉ.વ.૨૪) નામના પટેલ વેપારીએ શહેરનો નામચીન બુકી સ્મીત કિશોર સખીયા (રહે.ન્યુ માયાણીનગર શેરી નં.૨ મવડી મેઈન રોડ), રવિ રમેશ વેકરીયા (રહે.સરદારનગર-૨) અને ઉત્તમ કિશોર વિરડીયા (રહે.પ્રણાલી પાર્ક શેરી નં.૨ ઓમનગર સર્કલ પાસે) સહિત ત્રણ શખ્સો વિરુધ્ધ ડીસીબી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે, અગાઉ આ નામચીન બુકીએ ફરિયાદીને અલગ-અલગ આઈડી આપી મોબાઈલ મારફતે ક્રિકેટનો સટ્ટો રમાડતો હોય ચાર થી પાંચ મહિનામાં આશરે રૂ.૧.૩૭ કરોડ હારી ગયેલ જેમાં પટેલ યુવાને કટકે-કટકે રૂપિયા આપ્યા હોય અને બાકી રહેલા રૂપિયા પોણા કરોડ બળજબરીથી કઢાવવા ઉઘરાણી કરતા હોય ત્યારે આ ત્રણેય શખ્સોએ રવિ વેકરીયાની ઓફિસે તેના પિતાને બોલાવી પિસ્તોલ બતાવી રૂપિયા નહીં આપો તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ બાદ પોલીસે ગુનો નોંધયો હતો.



વધુમાં નામીચા બુકી સ્મીત કિશોર સખીયાએ અગાઉ તાલુકા પોલીસ વિરુધ્ધ ગંભીર આક્ષેપ કરી શહેર પોલીસ કમિશનરને અરજી આપી હતી.

# મોરબીના ટીંબડી ગામના સ્મશાનમાં યુવાનનો ગળાફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબીના ટીંબડી ગામના સ્મશાનમાં એક યુવકનો ગળેફાંસો ખાધેલ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. ત્યારે બનાવની જાણ થતા જ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. અને મૃતદેહનો કબ્જો મેળવી તેને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો.



મળતી માહિતી અનુસાર, મોરબી જીલ્લાના ટીંબડી ગામમાં આવેલ સ્મશાનમાં આવેલ વૃક્ષ પર અજાણ્યા યુવાનનો ગળે ફાંસો ખાધેલી હાલત માં મૃતદેહ મળી આવતા ખળભળાટ મચી જવા પામી છે. બનાવને લઈ ઘટનાસ્થળ પર ગ્રામજનો એકત્ર થયા હતા. તેમજ બનવું અંગે ગામના આગેવાન દ્વારા મોરબી તાલુકા પોલીસને જાણ કરવામાં આવતા મોરબી તાલુકા પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને મોતનું સાચું કારણ જાણવા મૃતદેહને પી.એમ માટે ખસેડ્યો હતો અને પોલીસે આ યુવકની ઓળખ મેળવવા તપાસ હાથ ધરી છે.

# મધુરમ પાર્કમાં ધંધાની હરીફાઈમાં વેપારી પર અન્ય વેપારીનો છરી વડે હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં મધુરમ પાર્કમાં ચિકનના ધંધાર્થી ઉપર ધંધાકીય હરિફાઈને ખાર રાખી ત્રણ શખ્સોએ છરી વડે હુમલો કર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ અંગેની માહિતી મુજબ નિલકંઠ પાર્કમાં રહેતા યાકુબ અયુબખાન પઠાણ નામનો ૩૨ ત્યારે ચિકનના હરિફ ધંધાર્થી હબીબ અને સીદીકુ નામના શખ્સોએ ઝઘડો કરી છરી વડે હુમલો કર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને તાત્કાલીક સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. પ્રાથમિક પુછપરછમાં યાકુબ પઠાણ મધુરમ પાર્કમાં ચીકનની દુકાન ધરાવે છે અને હુમલાખોર ત્રણેય શખ્સોએ ધંધાકીય હરિફાઈનો ખાર રાખી હુમલો કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

# ભીમનગરમાં ચુલાની ઝાળે દાઝી ગયેલી મહિલાનું મોતઃ માવતર પક્ષે કર્યો હત્યાનો આક્ષેપ

## બે દિવસ પૂર્વે સળગી રહેલી પત્નીને બચાવવા પતિ બાથ ભરી નદીમાં કૂદયો'તોઃ પોલીસ તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નાનામવા વિસ્તારમાં આવેલા ભીમનગરમાં રહેતી પરિણીતા ચુલો સળગાવતી વખતે અકસ્માતે દાઝી હતી. સળગી રહેલી પત્નીને બચાવવા પતિ બાથ ભરી નદીમાં કૂદ્યો હતો. પત્નીને બચાવવા જતાં પતિ પણ દાઝ્યો હતો. ગંભીર રીતે દાઝી ગયેલા દંપતિને સારવાર માટે ખસેડવામાં આવ્યું હતું. જ્યાં પરિણીતાનું મોત નિપજતાં પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. ભાભી સાથેના અનૈતિક સંબંધના કારણે પત્નીને મોતને ઘાટ ઉતારી હોવાનો મૃતક પરિવારે આક્ષેપ કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ નાનામવા વિસ્તારમાં આવેલા ભીમનગરમાં રહેતી કોમલબેન રવિભાઈ વાઘેલા નામની ૨૫ વર્ષની પરિણીતા સવારના ૧૧ વાગ્યાના અરસામાં પોતાના ઘરે ચુલો સળગાવતી હતી ત્યારે ચુલો ન સળગતા તેણીએ કલર નાખતા ભડકો થયો હતો. જે આગમાં કોમલબેન વાઘેલા લપેટાઈ જતાં પત્નીને બચાવલા પતિ રવિ ઈશ્વરભાઈ વાઘેલા (ઉ.૨૬) કોમલબેનને બાથમાં લઈ ઘર પાસે આવેલી નદીમાં કૂદયો હતો. ગંભીર રીતે દાઝી ગયેલા દંપતિને તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. જ્યાં ગંભીર રીતે દાઝી ગયેલી કોમલબેન વાઘેલાનું મોત નિપજયું હતું મૃતક કોમલબેનના માવતરે આક્ષેપ કર્યો છે. કે કોમલબેન ભાવનગર ખાતે માવતર ધરાવે છે અને તેણીના ચાર વર્ષ પૂર્વે લગ્ન થયા હતાં. લગ્ન જીવનથી તેણીને સંતાનમાં એક પુત્રનો જન્મ થયો હતો. ચાર વર્ષના લગ્ન ગાળામાં કોમલબેન પતિના ત્રાસ ચાર વખત રિસામણે ચાલી ગઈ હતી અને છેલ્લા છ મહિનાથી રિસામણે હતી ત્યારે ૨૦ દિવસ પૂર્વે જ પારિવારીક સમાધાન કરી કોમલબેન સાસરીયામાં પરત આવી હતી. કોમલબેનના પતિ રવિ વાઘેલાને ભાભી સાથે આડા સંબંધ હોવાથી કોમલબેનને સળગાવી મોતને ઘાટ ઉતારી હોવાનો આક્ષેપ કર્યો છે. આક્ષેપને પગલે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# લેન્ડ ગ્રેબિંગના ગુનામાં આરોપીના જામીન મંજુર કરતી હાઈકોર્ટ

## નવાગામમાં સરકારી જમીનમાં બાંધકામ કરી દબાણ કર્યુ'તુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જસદણ તાલુકાના નવાગામની સરકારી જમીનમાં ગેરકાયદેસર બાંધકામ કરતા પોલીસે લેન્ડગ્રેબિંગના કાયદા હેઠળ ગુનો દાખલ કરી કાર્યવાહી કરી હતી. આ કેસના આરોપી મીઠા ડાભીએ જેલમુક્ત થવા માટે કરેલી રેગ્યુલર જામીન અરજી હાઈકોર્ટ મંજૂર કરી હતી.



આ કેસની હકિકત મુજબ, પૂર્વ જીલ્લા પંચાયત સભ્ય તેમજ નવાગામ રહેતા મનજીભાઈ ઉર્ફ મનુભાઈ રૂપાભાઈ ભોજાણીએ ગામમા સર્વે નં. ૬૪ પૈકીમાં પ્લોટ નં. 30 અને ૨૯ ની બાજુમાં ૨૦૦ વારનો સરકારી પ્લોટમાં ગામમાં રહેતો આરોપી મીઠા પાંચાભાઈ ડાભીએ પચાવી પાડી તેમાં ગેરકાયદેસર દબાણ કરી રહેણાંક મકાન બનાવી ૨૨ વર્ષથી કબ્જો કરી લીધો હોય જે અંગે ફરિયાદીએ ગત તારીખ ૨૯/૦૩/૨૦૨૪ ના રોજ કલેકટરમાં અરજી કરી હતી. જે બાદ જસદણ પોલીસે ફરિયાદીનું નિવેદન નોંધી આરોપી મીઠા ડાભી સામે લેન્ડગ્રેબિંગ એક્ટની કલમ ૪ ૫ હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી સ્પે કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ માંગવામાં આવ્યા હતા. પોલીસે કરેલી રિમાન્ડ અરજી અદાલતે ના મંજૂર કરી આરોપીને જયુડીશ્યલ કસ્ટડીમાં જેલ હવાલે કરવામાં આવ્યો હતો.


જે બાદ આરોપીએ પોતાના વકીલ મારફતે હાઈકોર્ટમાં રેગ્યુલર જામીન અરજી કરી હતી. આ અરજી ચાલવા પર આવતા આરોપીના વકીલે કરેલી ધારદાર દલીલો અને રજૂ કરેલા વડી અદાલતના ચુકાદાઓને ધ્યાનમાં લઈને હાઈકોર્ટના ન્યાયાધીશ એ આરોપી મીઠા ડાભીને રૂપિયા ૧૫,૦૦૦ નુ ડ્રેગ્યુલર જામીન પર જેલમુક્ત કરવાનો હુકમ કર્યો હતો. આ કેસમાં આરોપી વતી હાઈકોર્ટમાં એડવોર્કેટ ગૌરાંગ પી. ગોકાણી, વૈભવ બી. કુંડલીયા તથા હિરેન નિયાલચંદાણી, શિવરાજસિંહ જાડેજા રોકાયેલ હતા.

# પોલીસ જાપ્તામાંથી ફરાર થયેલી નિતા ચૌધરીને એટીએસની ટીમે દબોચી લીધી

## લીંબડી પાસે આરોપી બુટલેગરના સગાના ઘરે આશરો લીધો હતો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ તા. ૧૬ કચ્છની ચર્ચિત સસ્પેન્ડેડ પોલીસ કોન્સ્ટેબલ નિતા ચૌધરીને એટીએસએ ઝડપી લીધી હતી.



આ અંગેની વિગત મુજબ તાજેતરમાં જ કચ્છમાં પોલીસ ઉપર થાર ગાડી ચડાવી હત્યા કરવાની કોશીષ કરી હતી. આ બનાવમાં કોન્સ્ટેબલ નિતા ચૌધરી આ થાર ગાડીમાં બુટલેગરની સાથે હતી અને બાદમાં નાસી ગઈ હતી. જે અંગેનો ગુનો કચ્છ પોલીસમાં નોંધાયો હતો. કચ્છ પોલીસ વડાએ તેણીને તાકીદે સસ્પેન્ડ કરતો હુકમ કર્યો હતો. દરમિયાન તેણે કોર્ટમાં જામીન મુક્યા હતા. પરંતુ જામીન અરજી નામંજુર કરીને જેલ હવાલે કરવાનો હુકમ થયો હતો. દરમિયાન નિતા ચૌધરી ફરાર થઈ ગઈ હતી અને કચ્છ પોલીસ, એટીએસ તેની પાછળ હતી અને એટીએસ પોલીસે તેને લીંબડી પાસેથી આરોપી બુટલેગરના સગાને ત્યાંથી ઝડપી લીધી હતી.

# લગ્નપ્રસંગમાં આવેલા જુનાગઢના વિપ્ર વૃધ્ધના રૂ.૨.૪૫ લાખના દાગીના ચોરાયા

**મુખ્ય સમાચાર રાજકોટ**

જુનાગઢમાં મ્યુનિસિપલ કોર્પોરેશન સામે આઝાદ ચોક પાસે માળીના ડેલામાં રહેતા ચેતનભાઈ હિંમતલાલ ભટ્ટ (ઉ.વ.૬૦) નામના વૃધ્ધે ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે, તેઓ તેના સાળાના દીકરાના લગ્નપ્રસંગ અર્થે આવ્યા હતા. ત્યારે રૈયા રોડ પર ધ્રુનગર શેરી નં.૧ સીટી મોલ પાસે રહેતા શૈલેષભાઈ નાથાભાઈ જાનીના મકાનમાં હતા ત્યારે તેના થેલામાં રાખેલા સોનાના દાગીનાના બોક્સ કિંમત રૂ.૨.૪૫ લાખના ઘરેણા કોઈ ચોર ઈસમ ચોરી કરી જતા ફરિયાદ નોંધાવી છે. બનાવના પગલે પીએસઆઈ એસ.એ મગોહિલે પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢમાં સ્કુલ બસમાં ધોરણ-૩ની વિદ્યાર્થિનીને અન્ય વિદ્યાર્થીઓએ માર માર્યો

## સ્કુલના સંચાલકોએ છાત્રાને માર મારનાર ધો.૬ના વિદ્યાર્થીને બે દિવસ માટે સસ્પેન્ડ કર્યો

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જૂનાગઢમાં હરીઓમનગરમાં રહેતા કપિલભાઈ દવે અને મિરલબેન દવેની આંઠ વર્ષની દીકરી ઝાંઝરડા રોડ ઉપર આવેલી ખાનગી સ્કુલમાં ધોરણ-૩ માં અભ્યાસ કરે છે, તેઓએ કહ્યું કે, તેમની દીકરી ગઈકાલે બપોરે ૧૨.૪૫ એ શાળાએથી છુટ્યા પછી સ્કુલની કોન્ટ્રાક્ટ આધારિત બસમાં ઘરે જતી હતી ત્યારે બસમાં બેઠેલા અન્ય વિદ્યાર્થીઓ પૈકીના ધોરણ ૬ માં અભ્યાસ કરતા એક વિદ્યાર્થી સાથે બારી ખોલવા જેવી નજીવી બાબતે ઝગડો થયો હતો. જેમાં ઉશ્કેરાટમાં આવીને ધોરણ-૬ ના વિદ્યાર્થીએ ત્રીજા ધોરણની છાત્રા સાથે મારપીટ કરી હતી.



જેમાં તેની સાથે ધોરણ-૧ માં અભ્યાસ કરતા બે અન્ય છાત્રો પણ સામેલ હતા, આ ઘટના પછી ડઘાઈ ગયેલી વિદ્યાર્થીની ઘરે આવીને પોતાના માતા-પિતાને વાત કરતા તેમના વાલી ફરિયાદ લઈને સ્કુલે પહોંચ્યા હતા. અને માર મારનાર વિદ્યાર્થી સામે એક્શન લેવાની વાત કરી હતી, મારથી ડઘાઈ ગયેલી દીકરીને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.આ અંગે સ્કુલના પ્રિન્સીપાલ ચન્દ્રિકાબેન અમલએ કહ્યું કે, આ ઘટના અંગે વાલીઓની ફરિયાદના આધારે સ્કુલના સંચાલકોને જાણ કરવામાં આવી છે, અને મારપીટ કરનાર વિદ્યાર્થીને શાળામાંથી બે દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. સ્કુલમાં ટ્રાન્સપોર્ટેશન વિભાગમાં હાલ કોઈ કેર ટેકર નથી, અને તેના માટેની પ્રોસેસ ચાલુ છે. આ ઝગડો ટપલી મારવાથી શરુ થયો હતો, બાદમાં વિદ્યાર્થીએ મારપીટ કર્યાનું સામે આવ્યું છે. હાલ કોઈપણ વિદ્યાર્થીનું ભવિષ્ય ના બગડે તે માટે માત્ર બે દિવસના સસ્પેન્ડના પગલા લેવામાં આવ્યા છે.

# મકાન બનાવવા ભાણેજ પાસેથી રૂા.૫ લાખ મામાએ વ્યાજે લીધાઃ ભાણેજે રૂા.૭.૪૮ લાખ પડાવ્યા

## વધુ નાણાની પઠાણી ઉઘરાણી કરી ભાણેજે સિક્યુરિટી પેટે આપેલા ચેક રિટર્ન કરાવ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં સાતડી ગામે ખેતી કરતા પ્રૌઢે મકાનના કામ અર્થે ભાણેજ પાસેથી રૂા. ૫ લાખ લીધા બાદ અલગ અળગ સમયે રૂા. ૭.૪૮ લાખ ચુકવી દીધા છતાં વધુ દોઢ લાખની માંગણી કરી સિક્યોરીટી પેટે આપેલા પાંચ ચેકોમાંતી ત્રણ ચેકો બેંકમાં નાખી રીટર્ન કરાવી નેગોશિએબલની ફરિયાદ કરી હતી તેમજ હજુ નાણાની ઉઘરાણી કરતા મનીલેન્ડ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવેલ છે.

આ અંગેની માહિતી મુજબ સાતડા ગામે રહેતા અનુભાઈ દેવાયતભાઈ ચાવડા (ઉ.વ.૫૧)એ પોતાની ફરિયાદમાં તેમના ભાણેજ સતીષભાઈ નાથાભાઈ જાટિયા (રહે. અરિહંત એપાર્ટમેન્ટ)નું નામ આપ્યુ તુ તેમની વિરુદ્ધ મનીલેન્ડ એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. આ અંગે એરપોર્ટ પોલીસ મથકના પીએસઆઈ એ.કે. ગોસ્વામી તપાસ કરી રહ્યા છે. હું અનુભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ખેતીકામ કરે છે ૨૦૨૧માં મકાન બનાવવા માટે પૈસાની જરૂરિયાત ઉભી થતાં કૌટુંબીક ભાણેજ સતિષ ઉર્ફે લાલો નાથાભાઈ જાટિયા પાસેથી રૂા. ૫ લાખ વ્યાજે લીધા હતાં. જેમાં અઢી લાખ બેંક ટ્રાન્સફરથી અને બાકીના અઢીલાખ બેંક ટ્રાન્સફરથી અને બાકીના અઢી લાખ રોકડા આપ્યા હતા આ પૈસાની સામે તેમને સિક્યોરીટી પેટે પાંચ કોરા ચેક આપ્યા હતાં. ત્યાર બાદ જાન્યુઆરી-૨૦૨૦માં સતીષે બે મહિનાના રૂા. ૩૫,૫૦૦ની માંગણી કરતા તેમને હાલ પૈસા ન હોય જેથી ગામમાં રહેતા દિનેશભાઈ નથુભાઈ વાઘેલાને આ બાબતે વાત કરતા દિનેશભાઈએ ઉછીના નાણા રૂા. ૩૫,૫૦૦ સતીષને ગ્રીનલેન્ડ ચોકડી પાસે ચૂકવ્યા હતાં. આમ આ કૌટુંબીક ભાણેજને પાંચ લાખના કુલ રૂા. ૭.૪૮ લાખ ચુકવી દીધા છતાં દોઢ લાખની માંગણી કરી સિક્યોરીટી પેટે આપેલા પાંચ ચેકમાંથી ત્રણ ચેક બેંકમાં નાખી રિટર્ન કરાવી કોર્ટમાં નેગોસિએબલની ફરિયાદ કરી હતી. તેમજ હાલ પૈસાની પઠાણી ઉઘરાણી કરતા એરપોર્ટ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

# હળવદના ઢવાણા ગામે પરિણીતાનો પિયરમાં એસિડ ગટગટાવી આપઘાત

**મુખ્ય સમાચાર, હળવદ**

હળવદ તાલુકાના ઢવાણા ગામે પિયર ધરાવતી પરિણીતાને સાસરે જવાનું સમજાવતા જે બાબતનું લાગી આવતા એસિડ ગટગટાવી મોત વ્હાલું કર્યાનો બનાવ બનવા પામ્યો હતો.

મળતી માહિતી અનુસાર હળવદના ઢવાણા ગામે કાળુભાઇ દુધરેજીયાની પુત્રી ખમ્માબેન ઉવ.૨૭ના લગ્ન ચાર વર્ષ પૂર્વે સુરેન્દ્રનગર જીલ્લાના ખંપાળીયા ગામના વિજયભાઇ જેસીંગભાઇ વસવેલીયા સાથે થયા હતા. ત્યારે ખમ્માબેનને સાસરે ગમતું ન હોય એટલા માટે છેલ્લા નવ માસથી પોતાના પિયર ઢવાણા ગામ રહેતા હોય તે દરમિયાન પિયરજનો તેમને સાસરે જવાનું સમજાવતા જે બાબતનું લાગી આવતા ખમ્માબેને બાથરૂમ સાફ કરવાનું એસિડ ગટગટાવી લેતા તેમનું ટૂંકી સારવારમાં મોત નીપજ્યું હતું. હાલ હળવદ પોલીસે અ. મોતની નોંધ કરી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

# ૧૫ વર્ષના તરૂણના દુષ્કર્મનો ભોગ બનનાર સગીરાએ બાળકીને જન્મ આપ્યો

## અમરેલીના કુંકાવાવના ગ્રામ્ય વિસ્તારનો બનાવઃ વડીયા પોલીસે તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, અમરેલી**

અમરેલી જિલ્લામાં કુકાવાવ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે જેમાં માત્ર ૧૫ વર્ષના તરૂણે એક ૧૩ વર્ષની સગીરા ઉપર બળાત્કાર ગુજારીને ગર્ભ રાખી દેતા સગીરાએ એક બાળકીને જન્મ આપ્યો છે. આગે કુકાવાવ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા અને ખેતરોમાં રહી મજૂરી કામ કરતા પર પ્રાંતના એક પરિવારની ભોગ બનેલી ૧૩ વર્ષની સગીરાના માતાએ વડીયા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ આજેથી બે વર્ષ પહેલાં ૨૦૨૨ના વર્ષમાં પરિવારો ખેતરમાં મજૂરી કામ કરતા હતા ત્યારે સગીરાની એકલતાનો લાભ લઈને કાયદાના સંઘર્ષમાં આવેલા ૧૫ વર્ષના સગીરે ૧૩ વર્ષની સગીરા ઉપર બળાત્કાર ગુજાર્યો હતો. આ બળાત્કારના કારણે તરૂણે સગીરાને ગર્ભ રાખી દીધો હતો અને તેનાથી ૧૩ વર્ષની સગીરાએ એક બાળકીને જન્મ આપ્યો છે. આ સમગ્ર ઘટના અંગે વડીયા પોલીસે કાયદાના સંઘર્ષમાં આવેલા તરૂણ સામે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# નાનામવા રોડ પર ચાલુ વરસાદે વાહન લઈ નીકળેલી યુવતીને વીજશોક લાગતા મોત

## આશાસ્પદ કોલેજીયન યુવતીના મોતથી પરિવારમાં કરૂણ કલ્પાંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આ વરસાદી માહોલ વચ્ચે શહેરના નાનામવા રોડ પરથી પસાર થતી કોલેજીયન યુવતીને ચાલુ વાહને પાણીમાંથી વીજશોક લાગતા બેભાન થઈ જતા સારવાર અર્થે તાત્કાલીક ખાનગી હોસ્પિટલમાં ખસેડાઈ હતી. પરંતુ સારવાર કારગત નિવડે તે પૂર્વે તેણીનું મોત નિપજ્યુ હતું. યુવતીના મોતથી પરિવારમાં શોક વ્યાપી ગયો છે. બનાવ અંગે તાલુકા પોલીસ સ્ટેશનના સ્ટાફે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી હતી.

હરિદ્વાર હાઇટ્સ બી વિંગમાં રહેતા નિરાલીબેન વિનોદભાઈ કુકડીયા ઉ.૨૨ નામની યુવતી રાત્રે ચાલુ વરસાદે આઠેક વાગ્યે નાનામવા રોડ નજીક આવેલ સત્યસાંઈ હોસ્પિટલ પાસેથી પોતાનું વાહન લઈને પસાર થતી હતી ત્યારે નજીકમાં રોડ પર એક વીજપોલ આવેલો હોય તેમાંથી કોઈ ખામીને લીધે વીજ વાયર તુટી ગયો હોય અને તે વાયર પાણીમાં પડ્યો હોય તે પાણીમાંથી ચાલુ વીજવાયરમાંથી યુવતીને વીજશોક લાગતા તેણી બેભાન થઈ ઢળી પડી હતી. બનાવને પગલે લોકોના ટોળા એકઠા થઈ જતા તેણીને સારવાર અર્થે રાજકોટની ખાનગી હોસ્પિટલમાં ખસેડાઈ હતી. બનાવની જાણ થતા પરિવારજનો પણ હોસ્પિટલે દોડી ગયા હતા. પરંતુ ટુકી સારવાર દરમિયાન યુવતીનું મોત નિપજતા પરિવારમાં શોક વ્યાપી ગયો હતો. બનાવની જાણ થતા તાલુકા પોલીસ મથકના જમાદાર ભગીરથસિંહ ખેર સહિતનો સ્ટાફ દોડી ગયો હતો અને યુવતીનો મૃતદેહ પોસ્ટમોર્ટમ અર્થે સિવીલ હોસ્પિટલે ખસેડી જરૂરી કાર્યવાહી કરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં યુવતી અભ્યાસ કરતી હોવાનું અને કામ સબબ બહાર નિકળી હતી ત્યારે આ બનાવ બન્યો હોવાનું જાણવા મળ્યુ છે. આશાસ્પદ યુવતીના મોતથી પરિવારમાં કાળો કલ્પાંત સર્જાયો છે.